dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 47 | AD - 2025, Kartak Vad-((0 | Thursday, Dt.20-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ભાજપના ધારાસભ્યોએ સમ્રાટ ચૌધરીને ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટ્યા

# નીતિશકુમાર જેડીયુના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાયા

પટણા,તા.૧૯

જનતા દળ યુનાઈટેડના નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ પાર્ટી પ્રમુખ નીતિશ કુમારને તેમના નેતા તરીકે ફરીથી ચૂંટ્યા છે. બુધવારે સવારે ૧૧ વાગ્યે મુખ્યમંત્રી નિવાસસ્થાને જદયુ વિધાનસભા પક્ષની બેઠક યોજાઈ હતી. સવારે ૧૧:૩૦ વાગ્યે જદયુ ધારાસભ્યોએ સર્વાનુમતે નીતિશ કુમારને ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટ્યા હતા. જદયુના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય શ્યામ રજકે જણાવ્યું હતું કે બિહારના લોકો ઉત્સાહિત છે અને તેમણે નીતિશ કુમારને તેમના નેતા તરીકે પસંદ કર્યા છે. નીતિશ કુમાર મુખ્યમંત્રી પદ માટે પાર્ટીની પહેલી અને અંતિમ પસંદગી છે. નવી સરકારમાં મંત્રી નિમણૂકો વિશે પૂછવામાં આવતા રજકે કહ્યું કે નીતિશ કુમાર નિર્ણય લેશે. ધારાસભ્ય પક્ષની બેઠક પહેલા, જદયુ ધારાસભ્ય મનોરમા દેવીએ કહ્યું કે આ બિહાર માટે ખૂબ જ સારો દિવસ છે. નીતિશ કુમાર અમારા રક્ષક છે અને તેઓ બધાના કલ્યાણ માટે કામ કરશે.



આ દરમિયાન, ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોની પાર્ટી કાર્યાલયમાં બેઠક થઈ છે. ભાજપના ધારાસભ્યોએ સમ્રાટ ચૌધરીને ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટ્યા છે. આનો અર્થ એ થયો કે તેઓ નાયબ મુખ્યમંત્રી બનશે. વિજય સિંહાને ઉપનેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. આ પ્રસ્તાવને ટેકો આપનારાઓમાં પ્રેમ કુમાર, રામ કૃપાલ યાદવ, કૃષ્ણ કુમાર ઋષિ, સંગીતા કુમારી, અરુણ શંકર પ્રસાદ, મિથિલેશ તિવારી, નીતિન નવીન, વીરેન્દ્ર કુમાર, રામા નિષાદ, મનોજ શર્મા અને કૃષ્ણ કુમાર મન્ટુનો સમાવેશ થાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે વિજય સિંહા બીજા નાયબ મુખ્યમંત્રી બનશે. ભાજપ બંને નાયબ મુખ્યમંત્રી પદ જાળવી રાખવાની યોજના બનાવી રહી છે. જોકે, ૧૯ બેઠકો જીતી ચૂકેલી ચિરાગ પાસવાનની પાર્ટી એક નાયબ મુખ્યમંત્રી સહિત ત્રણ મંત્રી પદ ઈચ્છે છે. આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે, પરંતુ દિલ્હીમાં થયેલી બેઠક અંતિમ નિર્ણય પર પહોંચી શકી નથી. દરમિયાન, ભાજપ વિધાનસભા પક્ષના નાયબ નેતા તરીકે ચૂંટાયા બાદ, વિજય સિંહાએ કહ્યું, "હું અમારા ટોચના નેતૃત્વ અને તમામ ધારાસભ્યોનો આભાર વ્યક્ત કરું છું. બિહારમાં વિકાસને વેગ આપવાના આદેશ સાથે, અમે હવે સુશાસન દ્વારા સમૃદ્ધિ પ્રાપ્ત કરવાના અમારા સંકલ્પને પૂર્ણ કરવા અને વિકસિત બિહાર પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને સંપૂર્ણ રીતે સાકાર કરવા માટે અમારી સિસ્ટમોને કાર્યમાં લગાવીશું."

આ ચૂંટણીએ નીતિશ કુમાર માટે દસમી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેવાનો માર્ગ મોકળો કર્યો છે. પાર્ટીના સભ્યો તરફથી મળેલ આ સર્વસંમતિથી સમર્થન નવી બિહાર સરકારની રચના પહેલા જદયુ અને રાષ્ટ્રીય લોકશાહી જોડાણમાં તેમની મજબૂત સ્થિતિ દર્શાવે છે. નીતીશકુમારે રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનને પોતાનું રાજીનામું સુપરત કર્યું અને સરકાર બનાવવા માટે એનડીએના તમામ સહયોગીઓના સમર્થન પત્રો રજૂ કર્યા. વર્તમાન વિધાનસભા બુધવારે વિસર્જન કરવામાં આવી હતી હવે પટણાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં નીતિશ કુમાર સાથે અનેક મંત્રીઓ શપથ લેશે.

# આંધ્રપ્રદેશના મારેડુમિલી વિસ્તારમાં સાત માઓવાદીઓને ઠાર મરાયા

અમરાવતી,તા.૧૯

ખતરનાક માઓવાદી માદવી હિડમાની હત્યાના એક દિવસ પછી, સુરક્ષા દળો આંધ્ર પ્રદેશમાં તેમની કામગીરી ચાલુ રાખી રહ્યા છે. રાજ્યના મારેડુમિલી વિસ્તારમાં અથડામણમાં સાત માઓવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આંધ્રપ્રદેશ ઈન્ટેલિજન્સ એડીજી મહેશ ચંદ્ર લદ્દાએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે માર્યા ગયેલા માઓવાદીઓમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. તે બધાની ઓળખ કરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, માર્યા ગયેલા



માઓવાદીઓમાં મેટુરી જોખા રાવ ઉર્ફે ટેક શંકરનો સમાવેશ થાય છે. તે શ્રીકાકુલમનો રહેવાસી હતો અને આંધ્ર-ઓડિશા સરહદનો જવાબદાર હતો. તે ટેકનિકલ નિષ્ણાત હતો અને શસ્ત્રો અને સંદેશાવ્યવહારનો મજબૂત કમાન્ડ ધરાવતો હતો. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, માઓવાદીઓ સાથેનો મુકાબલો સવારે ૭ વાગ્યાની આસપાસ થયો હતો. એડીજી લદ્દાએ જણાવ્યું હતું કે શંકર છેલ્લા ૨૦ વર્ષથી માઓવાદી ચળવળ સાથે સંકળાયેલો હતો અને સુરક્ષા કામગીરી દરમિયાન સ્થાન બદલતો રહ્યો હતો. તેમણે અનુમાન લગાવ્યું હતું કે શંકર માઓવાદી ચળવળને ફરીથી મજબૂત બનાવવા માટે આ દક્ષિણ રાજ્યમાં આવ્યો હતો.

વધુમાં, આંધ્રપ્રદેશ પોલીસે રાજ્યના વિવિધ પ્રદેશોમાંથી આશરે ૫૦ સીપીઆઈ (માઓવાદી) કેડરની ધરપકડ કરી છે. આ કાર્યવાહી કૃષ્ણા, એલુરુ, એનટીઆર વિજયવાડા, કાકીનાડા અને ડૉ. બીઆર આંબેડકર કોનાસીમા જિલ્લામાં કરવામાં આવી હતી. આનાથી માઓવાદી સંગઠનના દક્ષિણ બસ્તર અને દંડકારણ્ય નેટવર્કને મોટો ફટકો પડ્યો છે.

# ભારતીય જળસીમામાં માછીમારી કરવા બદલ કોસ્ટગાર્ડે ૭૯ બાંગ્લાદેશીઓની ધરપકડ કરી

કોલકાત્તા,તા.૧૯

ભારતીય કોસ્ટગાર્ડે બાંગ્લાદેશી બોટ સામે મોટી કાર્યવાહી કરી છે. ભારતના એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોનમાં ગેરકાયદેસર માછીમારી કરવા બદલ ત્રણ બાંગ્લાદેશી બોટ જપ્ત કરવામાં આવી છે અને તેમાં સવાર ૭૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

અધિકારીઓએ જાહેરાત કરી કે તેઓએ ઉત્તર બંગાળની ખાડીમાં આ કાર્યવાહી હાથ ધરી છે. ભારતીય કોસ્ટગાર્ડના



જહાજોએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખાનું નિરીક્ષણ કર્યું હતું.

ભારતીય કોસ્ટગાર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશી બોટ પર ભારતના એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોનમાં ગેરકાયદેસર માછીમારી કરવાનો આરોપ છે.

ભારતીય કોસ્ટગાર્ડે જણાવ્યું હતું કે નિયમિત દેખરેખ દરમિયાન, બાંગ્લાદેશી માછીમારી બોટ ભારતીય દરિયાઈ ક્ષેત્ર (વિદેશી જહાજો દ્વારા માછીમારીનું નિયમન) અધિનિયમ, ૧૯૮૧નું ઉલ્લંઘન કરતી મળી આવી હતી.

ભારતીય કોસ્ટગાર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે બોટને અટકાવવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે કોઈપણ ક્રૂ સભ્ય પાસે ભારતીય પાણીમાં માછીમારી માટે માન્ય અધિકૃતતા કે પરમિટ નહોતી. બોટના પછીના નિરીક્ષણમાં માછીમારીના સાધનો અને જપ્ત કરાયેલી તાજી માછલીઓના આધારે ગેરકાયદેસર માછીમારીની પુષ્ટિ થઈ હતી.






# કોઈ મતદાર બે સ્થળેથી ગણતરી ફોર્મ ભરશે તો ૧ વર્ષની સજા થઈ શકે : ચૂંટણી પંચ

ન્યુ દિલ્હી,તા.૧૯

મતદારયાદીઓની ખાસ સઘન પુનરાવર્તનની પ્રક્રિયા ઉત્તર પ્રદેશ સહિત નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહી છે. આ પ્રક્રિયા ઉત્તર પ્રદેશમાં ૪ નવેમ્બરથી શરૂ થઈ હતી અને એક મહિના સુધી ચાલુ રહેશે, જેની અંતિમ તારીખ ૪ ડિસેમ્બર છે. રાજ્યના પોતપોતાના વિસ્તારોમાં પ્રક્રિયા સુચારુ રીતે ચાલે તે માટે ઘણા અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. દરમિયાન, મતદારયાદીમાં પારદર્શિતા જાળવવા માટે, ચૂંટણી પંચે નિર્દેશ આપ્યો છે કે મતદારોએ બે સ્થળોએથી ગણતરી ફોર્મ ન ભરવા જોઈએ. જો કોઈ મતદાર બે સ્થળોએથી ગણતરી ફોર્મ ભરે છે, તો તેમને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૩૧ હેઠળ એક વર્ષ સુધીની જેલ અથવા દંડની સજા થઈ શકે છે. જો કોઈ શહેર કે ગામમાં બે સ્થળોએ મતદારોના નામ દેખાય છે, તો તેમણે ફક્ત એક જ સ્થળેથી ગણતરી ફોર્મ ભરીને સબમિટ કરવું જોઈએ. આ અંગે ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચ બે સ્થળોએથી




ગણતરી ફોર્મ ભરનારાઓને સરળતાથી પકડી લેશે. મતદારોને સરળતાથી ઓળખવા માટે ડિજિટલ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે જો કોઈ મતદારનું નામ તેમના ગામ અને શહેર બંને મતદારયાદીમાં દેખાય છે, તો તેમણે ફોર્મ ભરીને તે વિસ્તારમાં સબમિટ કરવું જોઈએ જ્યાં તેઓ મતદાર રહેવા માંગે છે. તેમણે જણાવ્યું હતું કે ૨૭ ઓક્ટોબરના રોજ મતદારયાદી સ્થિર કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં, મતદારોએ તે વિસ્તારમાં ફોર્મ ભરવું જોઈએ જ્યાં તેઓ હાલમાં રહે છે. જો ઉત્તર પ્રદેશનો કોઈ રહેવાસી મુંબઈ, દિલ્હી અથવા દેશના અન્ય કોઈ શહેરમાં રહે છે અને ત્યાં મતદાર છે, તો તેમણે ત્યાં ફોર્મ ભરવું જોઈએ. મતદારયાદીમાં બે જગ્યાએ નામ દેખાતા વ્યક્તિને એક જ જગ્યાએથી દૂર કરવા માટે એસઆઈઆર પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરૂવાર, તા.૨૦-૧૧-૨૦૨૫

શાળાના આચાર્ય મનસ્વી રીતે વર્તન કરતા હોવાથી ગ્રામજનો રોષે ભરાયા

# ખાંભાના બોરાળા પ્રાથમિક શાળામાં ગ્રામજનોએ તાળાબંધી કરી

**મહિલા આચાર્યની બદલી નજીકના ગામમાં કરવામાં આવતા ગ્રામજનોને હાશકારો**

અમરેલી,તા.૧૯

ખાંભા તાલુકાના બોરાળા ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય સરોજબેન ગોધાણીની તાત્કાલિક બદલીની માંગ સાથે ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ ઘટનાને પગલે ધોરણ ૧ થી ૪ ના માસૂમ વિદ્યાર્થીઓને શાળાની બહાર ખુલ્લામાં બેસીને અભ્યાસ કરવો પડ્યો હતો. ગ્રામજનો અને SMC સભ્યોનો આક્ષેપ છે કે આચાર્ય અહંકારી વર્તન કરે છે, વાલીઓનું અપમાન કરે છે અને શિક્ષણકાર્યમાં અવરોધ ઊભો કરે છે. છેલ્લા એક વર્ષથી કરાયેલી રજૂઆતોનું કોઈ પરિણામ ન આવતા આજે ગ્રામજનોનો રોષ ફાટી નીકળ્યો હતો. ઘટનાસ્થળે દોડી આવેલા તાલુકા શિક્ષણ અધિકારીએ સમાધાનના પ્રયાસો કર્યા હતા, પરંતુ ગ્રામજનો આચાર્યની બદલી ન થાય ત્યાં સુધી અડગ રહ્યાં હતા. જો કે આચાર્યની બદલી બોરાળાથી ૪ કિ.મી. દૂર હનુમાનપુર ગામે થઈ જતા ગ્રામજનોએ પણ નિરાંત અનુભવી હતી.



### આચાર્યનું ઉધ્ધત વર્તન હતું : એસએમસી અધ્યક્ષ

આ અંગે ગામના એસએમસી અધ્યક્ષ મનસુખભાઈ કવાડે જણાવ્યું હતું કે, પ્રાથમિક શાળાના આચાર્ય સરોજબેન ગોધાણી સરપંચ, એસએમસીના સભ્યો અને ગ્રામજનો સાથે અયોગ્ય વર્તન કરતા હતા જેથી આ બાબતે બીઆરસી, ટીપીઓ સહિત ડીપીઓને રજૂઆત કરવામાં આવી હતી. આચાર્યને બે નોટીસ પણ આપવામાં આવી હતી પરંતુ આ નોટીસ બાદ પણ તેમના વર્તનમાં કોઈ ફેર પડ્યો નહોતો જેથી અધિકારીઓની આંખ ખોલવા નાછૂટકે શાળાને તાળાબંધી કરવી પડી હતી.

### આચાર્યની બદલી કરવામાં આવી : ઈન્ચાર્જ ડીપીઓ

બોરાળા ગામના લોકો દ્વારા પ્રાથમિક શાળાને તાળાબંધી કરવામાં આવતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આ ઘટનાની ગંભીરતાથી નોંધ લઈ તાત્કાલિક સરોજબેન ગોધાણીની બદલી હનુમાનપુર ગામે કરી નાખી હતી અને આ ઘટના અંગે ઈન્ચાર્જ ડીપીઓ સોલંકીએ જણાવ્યું હતું કે, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને તપાસ સોંપવામાં આવી છે જો તપાસમાં આચાર્ય સામે થયેલી ફરિયાદમાં તથ્ય જણાશે તો તેમની તાલુકા બહાર પણ બદલી થઈ શકે છે.

## દામનગરમાં ડાયવર્ઝન વિના ઓવરબ્રિજનું કામ શરૂ થતા વાહનચાલકો પરેશાન

અમરેલી, તા.૧૯



દામનગરના લાઠી રોડ રેલવે ફાટક પર ઓવરબ્રિજનું કામ વૈકલ્પિક માર્ગ (ડાયવર્ઝન) બનાવ્યા વિના જ શરૂ કરી દેવાતા હજારો વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. એજન્સીએ ટેન્ડરની શરતોનો ભંગ કરી, નિયમ મુજબ ફરજિયાત ડાયવર્ઝન બનાવ્યા વગર કામ શરૂ કરતા રોષ ફેલાયો છે. તંત્રની આ બેદરકારી સામે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

## અમરેલીમાં સાંસદની ઉપસ્થિતિમાં વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે વિશેષ અભિયાનનો પ્રારંભ

અમરેલી,તા.૧૯

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ હેઠળ ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા ૧૯ નવેમ્બરે વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે સ્વચ્છતા અંગે જનજાગૃતિ વધારવા માટે અભિયાન જાહેર કરેલ હતું. આ કાર્યક્રમનું સુચારુ અમલીકરણ થાય તે માટે સાંસદ ભરતભાઈ સુતરીયાએ સૂચનો કર્યા હતા.




જિલ્લામાં ૧૯ નવેમ્બરથી 'આપણું શૌચાલયઃ આપણું ભવિષ્ય' અભિયાનની શરૂઆત કરાઈ છે, જેમાં જિલ્લામાં ૧૦ ડિસેમ્બર (માનવ અધિકાર દિવસ) સુધી વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અમરેલી ઉપરાંત જિલ્લા પંચાયતના વિવિધ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને સ્વચ્છ ભારત મિશન હેઠળ સરકારની સહાયથી શૌચાલય બનાવવા ત્રણ લાભાર્થીઓને વહીવટી મંજૂરીના હુકમો એનાયત કરાયા હતા .

## સ્વચ્છતા માટે NSS વિદ્યાર્થિનીઓનો અનોખો ઉપક્રમ : અમરેલીમાં જાગૃતિ અભિયાન

અમરેલી, તા.૧૯



અમરેલી શહેરના ચક્કરગઢ રોડ વિસ્તાર ખાતે શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત વિવિધ મહિલા કોલેજો અને ગર્લ્સ સ્કૂલની NSS વિદ્યાર્થિનીઓએ સ્વચ્છતા અભિયાન યોજ્યું. શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલથી પ્રારંભ થયેલા આ કાર્યક્રમ અંતર્ગત માર્ગોની સફાઈ સાથે જાહેરમાં સ્વચ્છતા જાળવવા અંગે જાગૃતિ ફેલાવવામાં આવી. NSS ની રૂટીન પ્રવૃત્તિના ભાગરૂપે યોજાયેલા આ અભિયાનમાં વિદ્યાર્થિનીઓએ સામાજિક જવાબદારી નિભાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી. શહેરને સ્વચ્છ બનાવવા માટે તેમના પ્રયાસોની સરાહના કરવામાં આવી હતી.

## રાજુલાની મહિલા કોલેજની વિદ્યાર્થિનીએ યુનિવર્સિટીની પરીક્ષામાં ગોલ્ડ મેડલ મેળવ્યો

રાજુલા,તા.૧૯

રાજુલામાં એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજની વિદ્યાર્થિનીઓ શિક્ષણ ક્ષેત્રે પણ આગવી પ્રતિભા ધરાવે છે. તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ આર્ટ્સમાં સેમેસ્ટર છઠ્ઠાની સમાજ શાસ્ત્રની પરીક્ષામાં ધારેશ્વર ગામની દીકરી રિદ્ધિબેન નાગજીભાઈ ધાખડાએ ગોલ્ડ



મેડલ પ્રાપ્ત કર્યો છે. જેઓ વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરેલ છે. આ વિદ્યાર્થિનીને ટ્રસ્ટીઓ અનંતભાઈ શાહ, ડી. જે. ધંધુકિયા, સુકેતુભાઈ શાહ, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો.જીગ્નેશભાઈ વાજા, પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળ તથા પ્રાધ્યાપકોએ અભિનંદન પાઠવીને શુભકામનાઓ પાઠવી છે. રિદ્ધિબેન છાત્રાલયના પણ બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર બન્યા છે.

## ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા બાબરાના નાનીકુંડળ-લીબડિયા માર્ગ પર રૂ.૨.૫૦ કરોડના ખર્ચે માઈનોર બ્રિજના નિર્માણનું ખાતમુહૂર્ત

લાઠી, તા.૧૯



લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે આજે બાબરા તાલુકાના નાનીકુંડળથી લીંબડિયા માર્ગ પર લાંબા સમયથી આવશ્યક બનેલા માઈનોર બ્રિજના નિર્માણ માટેના પ્રોજેક્ટનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા આ બ્રિજના નિર્માણ માટે રૂ. ૨ કરોડ ૫૦ લાખની ફાળવણી મંજૂર કરવામાં આવી છે. આ પ્રસંગે તાલુકા ભાજપના પ્રમુખ, તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચ, વિભાગના ઈજનેરો, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જાફરાબાદ શહેરમાં મોબાઈલ નેટવર્કના ધાંધીયાથી લોકો પરેશાન

જાફરાબાદ,તા.૧૯

જાફરાબાદ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી મોબાઈલ નેટવર્કના ધાંધીયા જોવાં મળી રહ્યા છે. જીયો, વિઆઈ, એરટેલ સહિતની મોબાઈલ કંપનીના નેટવર્કના ધાંધીયાથી લોકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે, જ્યારે જાફરાબાદ શહેરમાં બીએસએનએલ નેટવર્કની સુવિધા સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. જાફરાબાદ શહેરમાં જીઓ નેટવર્ક તો ૨૪ કલાકમાંથી બે કલાક સુધી તો સંપૂર્ણપણે બંધ થઈ જાય છે,



જેના કારણે લોકોના અનેક કામો અટવાય છે. આ ઉપરાંત સંપર્કો પણ કપાઈ જતા હોય છે. હાલ દરેક કંપનીના રિચાર્જમાં પણ ધરખમ વધારો થઈ રહ્યો છે તો પણ ગ્રાહકોને પૂરતી સુવિધાઓ મળતી નથી. આથી તાત્કાલિક ધોરણે વ્યવસ્થિત નેટવર્કની વ્યવસ્થા કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે લાઠીના હિરાણા-જુનવદર માર્ગના વિકાસનું રૂ.૩.૯૦ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત

લાઠી,તા.૧૯

લાઠી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે લાઠી તાલુકાના હિરાણાથી જુનવદર માર્ગના સર્વાંગી વિકાસ માટે રૂ. ૩.૯૦ કરોડના ખર્ચે નિર્માણ થનારા મહત્વપૂર્ણ માર્ગ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

કાર્યક્રમને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય રસ્તાઓનો વિકાસ એ ગ્રામ્ય પ્રગતિનો મુખ્ય પાયો છે. હિરાણાથી જુનવદર માર્ગનું સુધારીકરણ પૂર્ણ થતાં લોકો માટે મુસાફરી વધુ ઝડપી, સુરક્ષિત અને



આરામદાયક બનશે. આ માર્ગ ગ્રામ્ય આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે અને ખેતી જેવા વ્યવસાયોને બજાર સાથે વધુ સક્ષમ રીતે જોડશે. ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય જીતુભાઈ ડેર, ગામનાં સરપંચ પ્રતાપભાઈ ડેર, જગદીશભાઈ ખુંટ સહિત તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો, વિભાગના ઈજનેરો અને મોટી સંખ્યામાં ગામજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

## ધારીના જળજીવડી ગામે પ્રેમ પ્રકરણ બાબતે થયેલી હત્યાના આરોપીને આજીવન કેદની સજા

અમરેલી,તા.૧૯

ધારી તાલુકાના જળજીવડી ગામે વર્ષ ૨૦૨૩ માં આરોપી મહેશ વિનુ રાઠોડ રહે. હિમખીમડી પરા અને ઘનશ્યામ બાલુ પાડેલીયા રહે. જળજીવડીનાઓએ એક સંપ કરી ગામે જઈ રમેશભાઈ ભીમભાઈ પીપળીયાનો જબરદસ્તીથી દરવાજો ખોલાવી રમેશભાઈને આડેધડ છરીના ઘા મારવામાં આવતા રમેશભાઈને સૌપ્રથમ ધારી સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન રમેશભાઈનું મોત થતા પોલીસે બંને ઈસમો સામે ખૂનનો ગુનો નોંધી જેલ હવાલે કર્યા હતા ત્યારે આ કેસ ધારી સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વી.ડી. વાડેરાએ આરોપીને સજા થાય તેવી જજ સમક્ષ ઉગ્ર દલીલ કરતા સેશન્સ કોર્ટ દ્વારા સરકારી વકીલની દલીલ માન્ય રાખી આરોપી મહેશ વિનુ રાઠોડને આજીવન કેદની સજા ફટકારી હતી અન્ય એક આરોપી ઘનશ્યામ પાડેલીયાને શકનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કરવામાં આવ્યો હતો. મૃતક રમેશભાઈની પત્નીને કોર્ટે રૂ. બે લાખ ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ કામના તપાસનીશ અધિકારી તરીકે ડી.સી. સાકરીયા અને પોલીસ સ્ટાફે ગરીબ પરિવારને ન્યાય અપાવવામાં મદદ કરી છે.







# ધારી વિધાનસભામાં યુનિટી માર્ચ- પદયાત્રા યોજાઈ

**ધારાસભ્ય જે.વી. કાકડીયા, અતુલ કાનાણી સહિત પદાધિકારીઓ જોડાયા**

ધારી,તા.૧૯

દેશના મહાન સપૂત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના પાવન અવસરે ધારી વિધાનસભા મતવિસ્તારમાં વીરપુર ગામેથી ખીચા ગામ સુધી યુનિટી માર્ચ-પદયાત્રાનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. પદયાત્રા દરમિયાન રાષ્ટ્રીય એકતાનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રની મજબૂત એકતાના સંદેશને પ્રસરાવતી આ યુનિટી માર્ચ પદયાત્રામાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રાંત અધિકારી, પદાધિકારીઓ, અધિકારીઓ અન્ય આગેવાનો સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. આ યુનિટી માર્ચ-પદયાત્રાના રૂટ ઉપર પદયાત્રિકોનું જુદા જુદા સામાજિક અગ્રણીઓ દ્વારા



ઉત્સાહભેર પુષ્પવર્ષા કરીને સ્વાગત- અભિવાદન કરવામાં આવ્યું હતું. આ યુનિટી માર્ચ પદયાત્રાના પ્રારંભ પૂર્વે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને મહાનુભાવોએ પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી. યુનિટી માર્ચ – પદયાત્રા અન્વયે ધારીના વીરપુર ગામે આરોગ્ય કેન્દ્રના નવા અદ્યતન બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત માધુપુર ગામે નવા બસસ્ટેશનનું પણ લોકાર્પણ સંપન્ન થયું હતું. સર્વ રોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ સહિતના વિવિધ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા. જેમાં બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. વિવિધ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરીને રાષ્ટ્રીય એકતાના સંદેશને પ્રસરાવ્યો હતો. નાગરિકોએ 'એક ભારત-શ્રેષ્ઠ ભારત', 'ભારત માતા કી જય', 'વંદે માતરમ્'ના નારા લગાવીને વાતાવરણને દેશભક્તિમય બનાવ્યું હતું.

# અમરેલી જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય સમિતિના ચેરમેનની અધ્યક્ષતામાં બેઠક મળી

અમરેલી તા.૧૯

અમરેલી જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય સમિતિના ચેરમેનની અધ્યક્ષતામાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જુલાઈ મહિનામાં મળેલી બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી તેમજ આરોગ્ય શાખા જિલ્લા પંચાયત વાર્ષિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત તાલુકા આરોગ્ય કચેરી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા કેન્દ્રો અને દવાખાનાના બાંધકામ



તથા નવીન બાંધકામને મળેલ મંજૂરી અને તેની અદ્યતન સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને ચેપી, બિનચેપી રોગોની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ કમિટીમાં થયેલ સૂચનોની અમલવારી કરવા પગલાં લેવામાં આવશે તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અખિલેશકુમાર સિંહ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# પૂર્વ સૈનિકો અને તેમના પરિવાર માટે રાજકોટ ખાતે નિઃશુલ્ક યોગની તાલીમ

અમરેલી,તા.૧૯

નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, અમદાવાદ અને ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ ગાંધીનગર સાથે થયેલા યોગ તાલીમ એમ.ઓ.યુ. અંતર્ગત જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીની રાજકોટ કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા યોગ ક્લાસમાં જોડાવા ઈચ્છુક પૂર્વ સૈનિકો, સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓ અને તેઓના આશ્રિતો માટે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટ ખાતે વિનામૂલ્યે યોગ ક્લાસીસ-યોગની તાલીમ યોજાશે. આ યોગ ક્લાસ માટેની તાલીમ નામાવલી તૈયાર કરવામાં આવનાર છે. યોગ ક્લસીસમાં આવવા ઈચ્છુક પૂર્વ સૈનિકો, સ્વ.પૂર્વ સૈનિકોનાં ધર્મપત્નીઓ, તેઓના આશ્રિતોએ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સૈનિક આરામ ગૃહ, પોલીસ હેડક્વાર્ટરની સામે, રાજકોટ-૩૬૦૦૦૧ ખાતે તેઓના નામની નોંધણી કરાવી શકે છે.

# અમરેલી શહેરમાં 'બેટી બચાવો-બેટી પઢાવો' અંતર્ગત અનાથ દીકરીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

અમરેલી,તા.૧૯

અમરેલી ખાતે "બેટી બચાવો, બેટી પઢાઓ" અંતર્ગત અનાથ દીકરીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત હાઈજીન કીટ પણ વિતરિત કરવામાં આવી હતી. આશાવર્કર બહેનો, સખી મંડળોના બહેનોને પણ બેગ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ તાલુકા પંચાયત



ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન જિલ્લા મહિલા અને બાળ અધિકારી કણઝરીયા દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ યોજના વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આરોગ્ય અને પોષણ, આઈ.સી.ડી.એસ, બાળ સુરક્ષા એકમની કામગીરી ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટર સહિતની કામગીરી બાબતે માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન વાળા, તાલુકા આરોગ્ય અધિકારી મકવાણા, નારી અદાલત જિલ્લા કોર્ડિનેટર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં રહેતા ૧૧ વર્ષના વિદ્યાર્થીએ ચેસ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

રાજુલા,તા.૧૯

રાજુલામાં રહેતા કંડોળીયા બ્રાહ્મણ કૃણાલભાઈ ધનસુખભાઈ અધ્વર્યુના ૧૧ વર્ષીય પુત્ર રુદ્ર જે ધોરણ-પમાં અભ્યાસ કરે છે.

ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત અંડર-૧૧ની કેટેગરીમાં ચેસ સ્પર્ધામાં ભાગ લઈ તાલુકા લેવલે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. રુદ્રએ ચેસ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ભાગ લેતા ત્યાં પણ પ્રથમ ક્રમાંક મેળવતા રાજુલા



કંડોળીયા બ્રાહ્મણ જ્ઞાતિ તેમજ સમસ્ત બ્રહ્મસમાજ રાજુલાનું ગૌરવ વધારવા બદલ રુદ્ર પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# રાજુલામાં પૈસાની લેતી-દેતી મામલે ચાર શખ્સોનો યુવક પર જીવલેણ હુમલો

રાજુલા, તા.૧૯

રાજુલામાં જમીનના વારસાઈ કાગળો અને બાકી પૈસાની લેતીદેતી મામલે એક વ્યક્તિ પર જીવલેણ હુમલો થયો હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે પોલીસે ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ અંગે અબ્દુલભાઈ આઝમભાઈ ચાવડા (ઉ.વ.૫૫) એ પીરૂભાઈ અલારખભાઈ ગાહા, એજાદભાઈ પીરૂભાઈ ગાહા, સેજાદ પીરૂભાઈ ગાહા તથા જાહીદભાઈ યુનુસભાઈ ઝાખરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપી પીરુભાઈ અલારખભાઈ ગાહાને તેમની જમીનમાં વારસાઈ કરાવવા માટે જમીનના આધાર પુરાવા આપ્યા હતા. તેમણે આ આરોપી પાસેથી કેટલાક પૈસા લેવાના બાકી હતા. જ્યારે આરોપીને જમીનના આધાર પુરાવાની તાત્કાલિક જરૂર પડી, ત્યારે તેમણે તેને કાગળો પરત આપી દીધા હતા. જોકે, જ્યારે તેમણે તેના બાકી પૈસાની માંગણી કરી, ત્યારે આરોપીને સારું લાગ્યું ન હતું. પૈસા માંગવા બાબતનું મનદુઃખ રાખી આરોપીએ તેના નાક પર ઢીકા મારી દીધા હતા, જેના કારણે લોહી નીકળ્યું હતું. તેણે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઉપરાંત, અન્ય ત્રણ આરોપીઓ સહિત ચારેય આરોપીઓએ જાહેરમાં ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળાગાળી કરી હતી અને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો, જેના કારણે ફરિયાદીને મુઢ ઈજાઓ થઈ હતી. આ ચારેય આરોપીઓએ એકબીજાને મદદગારી કરી આ ગુનો આચર્યો હોવાથી પોલીસે તેમની વિરુદ્ધ સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી હતી.

# મગફળીથી ઓવરલોડ ભરેલું આયશર ખાંભાના નાના વિસાવદર ગામ નજીક પલટી ખાઈ ગયું

અમરેલી,તા.૧૯

તળાજાથી અમરેલી જઈ રહેલ મગફળીથી ઓવરલોડ ભરેલો એક આઈસર ટ્રક વહેલી સવારે નાના વિસાવદર નજીક અચાનક પલટી મારી ગયો હતો. ટ્રક પલટી જવાને કારણે રોડ પર મગફળીના બાચકા વેરવિખેર થઈ ગયા હતા, જેના લીધે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને મોટા વાહનો અટવાઈ



પડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક જેસીબી મશીન બોલાવીને રસ્તો સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આશરે બે કલાકની જહેમત બાદ ટ્રક અને મગફળીને રોડ પરથી હટાવી લેવાતા વાહનવ્યવહાર ફરી રાબેતા મુજબ શરૂ થયો હતો.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# અમરેલીમાં વેલ્ડીંગ કામ કરતી વખતે નીચે પટકાતા યુવકનું મોત

અમરેલી, તા. ૧૯

અમરેલીમાં એક ગોઝારી ઘટના બની હતી. વેલ્ડીંગ કામ વખતે વાયર હટાવતા ચોથા માળેથી પટકાતાં વરસડાના યુવકનું મોત થયું હતું. આ અંગે વરસડા ગામે રહેતા ચેતનભાઈ જેઠાભાઈ સરખેદીએ જાહેર કર્યા મુજબ, ભાવિનભાઈ જેઠાભાઈ સરખેદી અમરેલીમાં ચોથા માળે વેલ્ડીંગનું કામ કરતા હતા. વાયર હટાવવા જતા તેઓ ત્યાંથી નીચે પડી જતા માથા, મોઢામાં ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા. જેની અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

CHANGE OF NAME
I Undersing I GOL SANJAY LILABHAI have changed my name from GOL SANJAYKUMAR LILADHAR To GOL SANJAY LILABHAI (New) Now i will be known as GOL SANJAY LILABHAI (new)
Sing : GOL SANJAY LILABHAI
Address: AMRAPUR (VARUDI),AT-AMRAPUR, AT-AMRELI,- 365601 DIST-AMRELI GUJARAT INDIA

## અવસાન નોંધ

**બાબરા**

સ્વ. ભરતભાઈ ચંદુભાઈ સેદાણી(ઉ.વ.૬૦)નું તા.૧૮/૧૧/૨૦૨૫ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ચંદુભાઈ કેશવલાલ સેદાણીના પુત્ર, દિપકભાઈના નાનાભાઈ, શ્યામભાઈના પિતા, ધ્રુવભાઈના કાકા, મનસુખભાઈ કેશવલાલ શીગાળાના જમાઈ થાય છે. તેમનું ઉઠમણુ તથા પીયર પક્ષની સાદડી તા.૨૦ ને સાંજે ૪થી ૫ લોહાણા મહાજન વાડી બાબરા રાખેલ છે.

**સાવરકુંડલા**

મર્હુમ અહેમદભાઈ અ.રહેમાનભાઇ ચૌહાણ(ઉ. વ.૭૦) તા.૧૮/૧૧/૨૫ ને મંગળવારના રોજ ખુદાની રહેમતમાં પહોંચી ગયેલ છે. મર્હુમની જિયારત તા.૨૦/૧૧/૨૫ ને ગુરુવારના રોજ સવારે ૧૦ કલાકે મદીના મસ્જિદ તથા ઔરતોની મેમણ જમાત ખાના તથા હિન્દુ ભાઈઓનું બેસણું તા.૨૦/૧૧/૨૫ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ભરવાડ શેરી જુના બસ સ્ટેન્ડ પાછળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સંકુલ મહિલા કોલેજ
BA B.Com. B.Sc. માઈક્રો
MA M.Com. M.Sc. માઈક્રો
BBA BCA પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad146

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.138/2025

પ્રતિ,
મહેમૂદભાઈ આરબભાઈ ખારાઈ,
રહે. મુળદ્વારકા, ગામ-મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ મહેમૂદભાઈ આરબભાઈ ખારાઈ તથા શેરબાનુ મહેમૂદભાઈ ખારાઈના પુત્ર મોયુદીન મહેમૂદભાઈ ખારાઈનો જન્મ તારીખ **13/04/2020** ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા, તાલુકો- કોડીનાર સને.**2020** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. /૧૧/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૩૯/૨૦૨૫

શ્રી ઉકાભાઈ ગોબરભાઈ ગુજરાતી,
મુ. સેલુકા તા.જેતપુર, જી.રાજકોટ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભાટગામ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ઉકાભાઈ ગોબરભાઈ ગુજરાતી દ્વારા તેમના બહેનશ્રી નંદુબેન ગોબરભાઈ ગુજરાતીનો જન્મ તા.૦૩/૦૩/૧૯૬૧ના રોજ ગામ મોજેઃ ભાટગામ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના બહેનશ્રીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ભાટગામ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૪ મી માહે : નવેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# કલ્યાણપર ગામથી મોટા ચારોડીયા ગામ સુધી રોડ બનાવવા મુખ્યમંત્રીને રજૂઆત

**ખરાબ રસ્તાને કારણે એસ.ટી. બસ પણ બંધ થઈ**

મોટા લીલીયા, તા.૧૯

મોટા લીલીયાના કલ્યાણપર ગામના રહેવાસી અશ્વિનભાઈ બલરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને કલ્યાણપર ગામથી મોટા ચારોડીયા ગામ સુધી રોડ બનાવવા રજૂઆત કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું હતું કે, મોટા લીલીયા તાલુકાના કલ્યાણપર ગામથી ગારીયાધાર તાલુકાનું મોટા ચારોડીયા ગામ સુધીનો રસ્તો ખૂબ જ બીસ્માર હાલતમાં છે. તે અંગે ૩૦/૭/૨૦૨૫ના રોજ અમરેલી જિલ્લા પંચાયતમાં રજૂઆત કરેલ છે. અમરેલીના સંસદસભ્ય ભરતભાઈ સુતરીયા અને સાવરકુંડલા-લીલીયા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને તારીખ ૧૪/૮ અને ૨૬/૮/૨૦૨૫ના લેખિતમાં રજૂઆત કરેલ છે. કલ્યાણપર ગ્રામ પંચાયતની ગ્રામસભામાં મોટા ચારોડીયા તેમજ ખારા કલ્યાણપરથી નાની વાવડી સુધીના નોન પ્લાન રસ્તાને મુખ્યમંત્રી ગ્રામ્ય સડક યોજના અંતર્ગત નવા માર્ગ રસ્તા બનાવવાની રજૂઆત કરેલ છે. આ રસ્તા ઉપર પહેલા સરકારી બસ ગારીયાધાર-લાઠી-ગારીયાધાર સવાર-સાંજ ચાલતી હતી. પરંતુ રસ્તો ખરાબ હોવાને કારણે અત્યારે બસ બંધ છે અને રસ્તો ખરાબ હોવાને કારણે આમ નાગરિકોને બહુ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ બાબતે ઉચ્ચ અધિકારીઓને પણ લેખીત રજૂઆત કરી તાત્કાલિક રોડ બનાવવા માટે માંગ કરી છે. અત્રે નોંધનીય છે કે બિસ્માર માર્ગને કારણે ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યાં છે.

# લાઠી પંથકમાં જળક્રાંતિ : ધામેલથી સુવાગઢ સુધીની રંઘોળી નદીને ઊંડી-પહોળી કરવા રૂ. ૫.૫ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી

લાઠી, તા.૧૯



અમરેલી જિલ્લાના લાઠી પંથકમાં જળસંચયની દિશામાં એક મોટું પગલું લેવામાં આવ્યું છે. લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોના ફળ સ્વરૂપે, ધામેલથી સુવાગઢ ગામોની જીવાદોરી સમાન રંઘોળી નદીને પહોળી તેમજ ઊંડી ઉતારવા માટે રાજ્ય સરકારે રૂ. ૫.૫ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ નિર્ણયથી સમગ્ર પંથકના ખેડૂતો અને સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ છે અને આ પહેલને 'જળક્રાંતિ' તરીકે ગણાવવામાં આવી રહી છે. છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારના ખેડૂતો ચોમાસામાં વહી જતા વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે નદીને ઊંડી અને પહોળી કરવાની માંગ કરી રહ્યા હતા, જેથી ઉનાળામાં પાણીની સમસ્યા હળવી થઈ શકે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ પ્રશ્નને સરકાર સમક્ષ જોરદાર રીતે રજૂ કર્યો હતો. રૂ. ૫.૫ કરોડના ખર્ચે થનારા આ કામથી નદીની જળસંગ્રહ ક્ષમતામાં અનેકગણો વધારો થશે. આનાથી માત્ર સિંચાઈ માટે જ નહીં, પરંતુ ભૂગર્ભજળ સ્તરને ઊંચું લાવવામાં પણ મદદ મળશે. ધારાસભ્યે જણાવ્યું હતું કે, "અમારી પ્રાથમિકતા ખેડૂતોની સુખાકારી છે. નદી ઊંડી અને પહોળી થવાથી આ વિસ્તારના હજારો ખેડૂતોને સીધો લાભ થશે અને કૃષિ ઉત્પાદનમાં વધારો થશે." તેમણે ઉમેર્યું કે, આ પ્રોજેક્ટથી લાઠીના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ મળશે અને લાઠી-બાબરાના છેવાડાના ગામો સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચાડવા તેઓ સતત પ્રયત્નશીલ છે.

# લીલીયાની અમૃતબા વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ યોજાયો

લીલીયા, તા. ૧૯



લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલયમાં ચાર દિવસીય તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ રમતગમત મહોત્સવ ડોક્ટર હસમુખભાઈ કરડની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં એથ્લેટિક્સ, ચેસ, યોગાસન, કબડ્ડી, ખો-ખો, રસાખેંચ, વોલીબોલ સહિતની રમતગમત યોજાઈ ગઈ. જેમાં ૪૩૫ ભાઈઓ અને ૩૩૫ બહેનોએ ભાગ લીધો હતો. આ તકે તાલુકાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જાફરાબાદ કોર્ટે એક જ દિવસમાં ૫ ગુનાઓમાં ૮ આરોપીઓને સજા અને દંડ ફટકારતાં અસામાજિક તત્વોમાં ફફડાટ

જાફરાબાદ, તા.૧૯

જાફરાબાદ કોર્ટે એક જ દિવસમાં અલગ અલગ ૫ ગુનાઓમાં સંડોવાયેલા કુલ ૮ વ્યક્તિઓને સજા અને દંડ ફટકારતાં કાયદાનું ઉલ્લંઘન કરનારા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જાફરાબાદના જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ પી.એમ. કામદારે એ.પી.પી. દિવ્યેશ બી. ગાંધીની દલીલો તેમજ રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરીને આ મહત્ત્વના ચુકાદાઓ આપ્યા હતા. જુદા જુતા કેસની વાત કરીએ તો લાઈટ બિલની રકમ ઉઘરાવવા ગયેલા PGVCLના હેલ્પર રાણીંગભાઈ બાંભણીયાને વીજ કનેક્શન કાપી નાખવાનો ખાર રાખીને લાકડી અને ઢીકાપાટુ વડે માર મારવાના કેસમાં આરોપી યુવરાજભાઈ મનુભાઈ કોટીલાને કોર્ટે એક વર્ષની સખત કેદ અને રૂ. ૨,૦૦૦/- દંડ ફટકાર્યો છે. ખેતરમાં પાણી વાળવાના સામાન્ય વિવાદમાં જગદીશભાઈ કાનાણીના માથા પર પાવડાનો ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપવાના કેસમાં આરોપી વિપુલભાઈ ભગવાનભાઈ મુલાણીને ત્રણ મહિનાની સાદી કેદ અને રૂ. ૧,૦૦૦/- દંડ કરાયો છે. ફરિયાદ પાછી ખેંચી લેવા માટે દબાણ કરીને ફરિયાદી ગીતાબેનના ઘર પર પથ્થરના ઘા કરવા અને તેમની ટ્રાવેરા ગાડીના કાચ તથા હેડલાઈટ તોડીને રૂ. ૫,૦૦૦/- નું નુકસાન કરવા બદલ આરોપીઓ રમેશભાઈ અને મનિષભાઈ વાઘેલાને એક વર્ષની સાદી કેદ અને પ્રત્યેકને રૂ. ૧,૦૦૦/- દંડ કરાયો છે. પાણી ઢોળવાના મુદ્દે થયેલા ઝઘડામાં ફરિયાદી શાંતુબેન બારૈયા અને તેમના પતિને લાકડાના ધોકા વડે માર મારવાના કેસમાં સાસુ લક્ષ્મીબેન બારૈયા, જેઠ બચુભાઈ અને જેઠાણી ભાવનાબેન એમ ત્રણેય આરોપીઓને એક વર્ષની સાદી કેદ અને પ્રત્યેકને રૂ. ૧,૦૦૦/- દંડ કરવામાં આવ્યો છે.

# પત્નીએ કરેલા કથિત ખોટા કેસથી કંટાળી ધારીના યુવકે ઘર છોડ્યું

ધારી, તા. ૧૯

ધારી શહેરમાં એક યુવક પોતાની પત્ની સાથેના સતત ઝઘડાઓ અને પત્ની દ્વારા કરવામાં આવેલા કથિત ખોટા કેસથી કંટાળીને ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યો ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ અંગે યુવકના પરિવારે જાહેર નોટિસ દ્વારા જાણ કરી છે. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ ગુમ થનાર યુવકનું નામ પારસભાઈ નાગજીભાઈ દાફડા છે. તેના માતા ધોળીબેન નાગજીભાઈ દાફડાના જણાવ્યા મુજબ, પારસભાઈ તેમની પત્ની સાથેના ઘરેલું ઝઘડાઓથી ખૂબ કંટાળી ગયા હતા. આ ઉપરાંત, તેમની પત્નીએ કરેલા ખોટા કેસને કારણે તેઓ માનસિક રીતે ખૂબ પરેશાન હતા. આ માનસિક તણાવને કારણે પારસભાઈ કોઈને પણ જાણ કર્યા વગર પોતાની મેળે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા હતા.

# બગસરા શાળા નં. ૪ને તાલુકા પંચાયત દ્વારા સ્માર્ટ ક્લાસની ભેટ

બગસરા,તા.૧૯



બગસરા શહેરમાં જેતપુર રોડ પર આવેલી શાળા નંબર-૪ને તાલુકા પંચાયત દ્વારા સ્માર્ટ ક્લાસ ભેટ આપવામાં આવ્યો હતો. આ શાળા છેલ્લા ઘણા સમયથી સ્માર્ટ વર્ગખંડથી વંચિત હતી.

આ તકે તાલુકા પંચાયતના પ્રમુખ શારદાબેન બાબુભાઈ બકરાણીયાએ આ શાળાની જરૂરિયાતને ધ્યાને લઈ શાળાને સ્માર્ટ ક્લાસની ફાળવણી કરી હતી. સ્માર્ટ ક્લાસ કાર્યરત થતા પ્રમુખ પ્રતિનિધિ બાબુભાઈ બકરાણીયાએ તેનું લોકાર્પણ કર્યું હતું.

**લીલીયા પંથકમાં તસ્કરોનો આતંક**

# અંટાળેશ્વર મહાદેવ સહિત પાંચ મંદિરોને નિશાન બનાવ્યા

લીલીયા, તા.૧૯




લીલીયામાં તસ્કરોનો આતંક જોવા મળ્યો હતો. અંટાશ્વર મહાદેવ સહિત અન્ય મંદિરોને નિશાન બનાવવામાં આવ્યા હતા. કુલ ૩૯૦૦૦ની ચોરી થઈ હતી અને આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી. બનાવ અંગે વિઠ્ઠલભાઈ વિરજીભાઈ માંદલીયા (ઉ.વ.૬૫) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ચોર ઈસમે અંટાળીયા ગામે આવેલ અંટાળેશ્વર મહાદેર મંદિરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. તેણે ગર્ભગૃહનું તાળુ તોડી, ગર્ભગૃહ બહાર રહેલ લાકડાની બંને દાનપેટી તોડી દાનપેટીમાં રહેલ રોકડ રકમ અંદાજીત રૂ.૫૦૦૦ની તથા પ્રેમ સાહેબ આશ્રમ અંટાળીયા મંદિરની દાનપેટીમાંથી અંદાજીત રૂ.૨૦૦૦, અંટાળીયા ગામે ડોબરીયા પરિવારના ખોડીયાર માતાના મઢની દાનપેટીમાંથી અંદાજીત રૂ.૧૫,૦૦૦, અંટાળીયા ગામે લાઠીયા પરિવારના ખોડીયાર માતાજીના મઢના કબાટમાંથી અંદાજીત રૂ.૧૫,૫૦૦ તથા જાત્રુડા ગામે દોમડીયા પરિવારના નાગબાઈ માતાના મંદિરમાંથી અંદાજીત રૂ.૧૫૦૦ મળી અલગ અલગ મંદિરમાંથી કુલ રોકડ રૂ.૩૯,૦૦૦ની અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. અંટાળેશ્વર મહાદેવના મંદિર લગાડવામાં આવેલા સીસીટીવી કેમેરામાં તસ્કરો કેદ થઈ ગયા હતા. ચારેય તસ્કરોએ બુકાની બાંધી દાનપેટીમાંથી રોકડ રકમની લૂંટ ચલાવી હતી. અંટાળેશ્વર મહાદેવના મંદિર આસ્થાનું કેન્દ્ર હોય ત્યારે મંદિરમાં ચોરીની ઘટના બનતા ભાવિકોમા રોષ ફેલાયો છે

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અમાસ
તા. ૨૦-૧૧-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૦, સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૨૦-૧૧-૨૦૨૫ ગુરૂવાર

- મેષ: આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે અને શક્ય છે કે તમે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકો છો.
- વૃષભ: દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો.
- મિથુન: તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી.
- કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ છે. લોકો પ્રત્યેના મનમાં તમારી તરફ સદ્ભાવના પણ જાગૃત થશે.
- સિંહ: આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે.
- કન્યા: આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે.
- તુલા: તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે.
- વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે સામાન્ય છે અને નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે.
- ધન: તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે. બાકીનો મિશ્રિત ફળદાયી દિવસ છે. સાંજનો સમય સારો રહેશે.
- મકર: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે તમને સારા ગ્રહોનો લાભ મળી રહ્યો છે
- કુંભ: આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે.
- મીન: આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષામાં સફળતા મળી શકે છે.

# સાવરકુંડલામાં મહિલા ઉત્થાન મંડળ દ્વારા ૧૨૦૦ તુલસીના રોપાનું નિઃશુલ્ક વિતરણ

સાવરકુંડલા, તા.૧૯



સા.કુંડલામાં રિદ્ધિસિદ્ધિનાથ મહાદેવ મંદિરની સામે મહિલા ઉત્થાન મંડળ દ્વારા "વૃંદા અભિયાન" અંતર્ગત ૧૨૦૦ જેટલા તુલસીના રોપાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આશારામજી દ્વારા ઈ.સ. ૨૦૧૪થી શરૂ કરાયેલા આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ 'હર ઘર તુલસી ઘર ઘર તુલસી' છે, જેથી દરેક ઘરમાં તુલસીનું રોપણ થાય અને લોકો તેના ઔષધીય ગુણો, ધાર્મિક મહાત્મ્ય સમજે અને નિરોગિતા પ્રાપ્ત કરે. આ અભિયાન દ્વારા ચોવીસે કલાક પ્રાણવાયુ પ્રદાન કરતી તુલસી માતા દ્વારા પર્યાવરણ શુદ્ધ થાય તેવી સમસ્ત લોક કલ્યાણની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોઈ પણ જાતના નાતજાતના ભેદભાવ વગર દરેક સમાજના લોકોએ તુલસીના રોપા મેળવી ધન્યતા અનુભવી હતી. વલ્લભીપુર આશ્રમના સાથ સહકાર અને માર્ગદર્શનથી તથા મહિલા ઉત્થાન મંડળની બહેનોની જહેમતથી આ કાર્યક્રમ સરસ રીતે સંપન્ન થયો હતો.

# ભાણીયા ગામે બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તરે રૂ. ૧ લાખની ઉચાપત કરી

ખાંભા, તા.૧૯

ખાંભાના ભાણીયા ગામે બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તરે એક લાખથી વધુની ઉચાપત કરી હોવાની ઘટના સામે આવી હતી. જેને લઈ સબ ડીવીઝનલ ઈન્સ્પેક્ટર પોસ્ટ સજ્જનકુમાર શ્રીલીલુરામ (ઉ.વ.૩૬)એ રાભડા ગામે રહેતા ભાણીયા બ્રાન્ચ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તર પારસકુમાર જસુભાઈ ગજેરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી ભાણીયા બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં સરકારી કર્મચારી તરીકે કાર્યરત હતા. ફરજ દરમિયાન પોસ્ટ ઓફિસની ખુલતી સિલકના તેમની પાસે નીકળતા નાણા કુલ રૂ.૧,૦૨,૩૧૬ રજૂ કરવાના બદલે તેણે પોતાના અંગત ખર્ચ માટે ઉપયોગ કરી વાપરી સરકારી નાણાનો દુરવિનિયોગ કરી ઉચાપત કરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જી.એમ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સુરતમાં અમરેલીની પરિણીતાને લગ્ન બાદ સંતાન ન થતાં પતિએ ઢીકાપાટુ માર્યા

અમરેલી, તા.૧૯

અમરેલીમાં રહેતી એક પરિણીતાના સમૂહલગ્નમાં લગ્ન થયા હતા. લગ્નના થોડા વર્ષ સુધીમાં સંતાન ન થતાં પરિવારોએ કરિયાવર તેમજ બાળક મુદ્દે મેણાટોણા માર્યા હતા તેમજ પતિએ ઢીકાપાટુ માર્યા હતા. આ અંગે લક્ષ્મીબેન મેહુલભાઈ ચાવડાએ સુરતના અમરોલીમાં રહેતા પતિ મેહુલભાઈ લાલજીભાઈ ચાવડા, સાસુ વિજયાબેન લાલજીભાઈ ચાવડા, સસરા લાલજીભાઈ મનજીભાઈ ચાવડા, નણંદ નેહાબેન મીલનભાઈ ભોરીંગ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના લગ્નજીવન તા.૦૫/૧૧/૨૦૨૨ થી તા.૨૫/૦૫/૨૦૨૫ દરમ્યાન આરોપીઓએ તેમને ઘરકામ બાબતે તેમજ કરિયાવર બાબતે ત્રાસ આપ્યો હતો. તેમના લગ્ન સમૂહમાં થયા હોવાથી તેમજ સંતાન ન હોવા બાબતે અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ-ત્રાસ આપી, ગાળો આપી હતી. પતિએ તેમને ઢીકાપાટુનો મુઢમાર માર્યો હતો. મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. આદ્રોજા વધુ તપાસ કરી રહ્યા છે.

**કરિયાવર અને ઘરકામ બાબતે મેણાટોણા મારી શારીરિક ત્રાસ આપ્યો**

# રાજુલાના જુની બારપટોળી ગામના શખ્સ સામે ફ્લેટ લે-વેચના બહાને રૂા.૯ લાખની છેતરપિંડીની ફરિયાદ

રાજુલા, તા. ૧૯

રાજુલા શહેરમાં ફ્લેટ લે-વેચના બહાને એક વ્યક્તિએ અન્ય વ્યક્તિ પાસેથી રોકડા રૂપિયા ૯ લાખ લઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનો બનાવ સામે આવ્યો હતો.

આ મામલે પ્રમોદભાઈ નંદલાલ જોષી (ઉ.વ.૬૦) એ જુની બારપટોળી ગામના દિલુભાઈ કોટીલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ મુજબ, તેઓ પોતાનો ફ્લેટ વેચવા માંગતા હતા, આથી તેમણે આરોપીનો સંપર્ક કર્યો હતો.

વાતચીત દરમિયાન, આરોપીએ તેમને ફ્લેટના બદલામાં એક પ્લોટ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આરોપીએ જણાવ્યું હતું કે, ફ્લેટ અને પ્લોટની કિંમતમાં જે તફાવત (ઉપરના) નીકળશે, તે પેટે ફરિયાદીએ તેને રોકડા રૂ.૯,૦૦,૦૦૦ આપવા પડશે. તેમણે આરોપી પર વિશ્વાસ રાખીને તેને રોકડા રૂ.૯ લાખ આપી દીધા હતા. રોકડા રૂપિયા લઈ લીધા બાદ આરોપીએ પ્લોટનો દસ્તાવેજ કરી આપ્યો નહોતો. ફરિયાદીએ આપેલા રોકડા રૂ.૯,૦૦,૦૦૦/- પણ પરત કર્યા નહોતા. આ પૈસા ભૂલી જવાનું કહીને ફરિયાદી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના જી.જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# સિંહના સામ્રાજ્યમાં વાઘ દીપડાનું આગમન

ગુજરાતની ભૂમિ પરથી આવનાર તાજેતરના અહેવાલોએ જીવન સંરક્ષણના ક્ષેત્રમાં એક અભૂતપૂર્વ ઘટનાની નોંધ લીધી છે. રાજ્ય આજે દેશનું એકમાત્ર એવું કુદરતી ક્ષેત્ર બની ચૂક્યું છે, જ્યાં એશિયાટિક સિંહ, ભારતીય દીપડો અને વાઘ – આ ત્રણેય ટોચના શિકારીઓ એકસાથે કુદરતી પરિદૃશ્યમાં ઉપસ્થિત છે. આ સિદ્ધિ માત્ર ઉત્સાહજનક નથી, પરંતુ ગુજરાત સરકારની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ, વૈજ્ઞાનિક સંરક્ષણ વ્યૂહરચનાઓ અને સ્થાનિક સમુદાયના સહયોગનું સ્પષ્ટ પરિણામ છે.

સિંહ, દીપડો, વાઘ જંગલના સર્વોચ્ચ શાસકોનું સંકલન અહીં કરવામાં આવ્યું છે. આ ત્રણેય મહાશિકારીઓ તેમની હિંસક પ્રકૃતિ અને પ્રાદેશિક વર્તનથી જંગલના સ્વાસ્થ્ય અને સંતુલનનું પ્રતીક છે. ગુજરાતની ધરતી લાંબા સમયથી એશિયાટિક સિંહનું એકમાત્ર ઘર રહી છે. ગીરના જંગલોએ આ શાહી પ્રજાતિને સફળતાપૂર્વક આશ્રય આપ્યો છે, અને તેની વસ્તીમાં થયેલો વધારો આપણા સંરક્ષણ પ્રયાસોની સફળતાની કહાની કહે છે. સિંહનું સામાજિક જીવન અને શિકારની સમૂહ પદ્ધતિ તેને અન્ય શિકારીઓથી અલગ પાડે છે.

જ્યારે દીપડો તેની અનુકૂલનશીલતા અને ચપળતા માટે જાણીતો છે. તે નાનું કદ ધરાવતો હોવા છતાં, તે લગભગ દરેક પ્રકારના વાતાવરણમાં ટકી રહેવાની ક્ષમતા ધરાવે છે, ઘણીવાર માનવીય વસાહતોની નજીક પણ પોતાનું ક્ષેત્ર જાળવી રાખે છે.

અને હવે, મધ્યપ્રદેશ તરફથી ભટકીને આવેલો વાઘ, જે છેલ્લા નવ મહિનાથી દાહોદના રતનમહાલના જંગલોમાં રોકાયો છે, તેણે આ ત્રિપુટીને પૂર્ણ કરી છે. વાઘ સ્વભાવે એકાંતપ્રિય અને અત્યંત પ્રાદેશિક હોય છે, અને તેનું ગુજરાતની ભૂમિ પર સ્થાયી થવું એ અહીંના જંગલોની જૈવિક ગુણવત્તાનો પ્રબળ સંકેત છે.

વાઘનું રોકાણ રતનમહાલની નવી તંદુરસ્તીને જાળવે છે. વન વિભાગના નિષ્ણાતો માને છે કે વાઘનું આ રોકાણ માત્ર સંયોગ નથી. વાઘ માટેના આદર્શ વસવાટ માટેના જે મુખ્ય માપદંડો છે, તે રતનમહાલની ઈકોસિસ્ટમ પૂરા પાડી રહી છે. શિકારની વિપુલતા ગુજરાતના જંગલોમાં મોટા પ્રમાણમાં છે. વાઘના આહાર માટે પૂરતા પ્રમાણમાં સાંભર, નીલગાય અને અન્ય પ્રાણીઓની વસ્તીમાં વધારો થયો છે. ગીરના જંગલોમાં સમગ્ર વર્ષ દરમિયાન પાણીની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત થઈ છે.

ભૂગોળ અને સુરક્ષા પણ જરૂરી છે. પહાડી અને ગીચ જંગલો વાઘને છુપાવા અને આરામ કરવા માટે આશ્રય પ્રદાન કરે છે.

આગામી પડકાર અને સંરક્ષણનું કર્તવ્ય મુખ્ય બાબત છે. ગુજરાતે આ સિદ્ધિ હાંસલ કરીને દેશના સંરક્ષણ નકશા પર તેનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. પરંતુ આ 'ત્રિશક્તિ'ની હાજરી એક મોટી જવાબદારી પણ લઈને આવી છે. હવે આપણું ધ્યાન માત્ર સિંહ સંરક્ષણ પર જ નહીં, પણ રતનમહાલ જેવા નવા વિસ્તારોમાં વાઘના કાયમી વસવાટ માટેની પરિસ્થિતિઓ જાળવવા પર કેન્દ્રિત થવું જોઈએ. વન્યજીવ સંરક્ષણ નીતિઓ વધુ મજબૂત બનાવવી પડશે, માનવીય વસાહતોની દખલગીરીને નિયંત્રિત કરવી પડશે, અને જંગલના કોરિડોરને સુરક્ષિત રાખવા પડશે. ગુજરાતની આ ગાથા વિશ્વને એક સંદેશ આપે છે કે જો મક્કમ નિર્ધાર હોય તો પ્રકૃતિ અને માનવ સહઅસ્તિત્વ શક્ય છે. આ ગૌરવશાળી વન્યજીવ વારસાને જાળવી રાખવો એ આપણું રાષ્ટ્રીય અને નૈતિક કર્તવ્ય છે. આશા છે કે આ ત્રણેય મહાશિકારીઓ ગુજરાતની ભૂમિ પર લાંબા સમય સુધી ગર્વથી વિહરતા રહેશે.

# બિહારમાં ભાજપના ભવ્ય વિજય પાછળ સંઘ પરિવારની મહેનતે પણ ભાગ ભજવ્યો



પ્રાસંગિક

સુરેશ દેસાઈ

ભાજપ માટે છેલ્લા કેટલાક વર્ષોમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં મળેલી વિજયમુખી પરિણામોની શ્રેણીમાં બિહારની તાજેતરની વિધાનસભા ચૂંટણી એક મહત્વપૂર્ણ માઈલનો પથ્થર સાબિત થઈ છે. આ ચૂંટણીએ એનડીએને માત્ર એક ભવ્ય વિજય જ નથી અપાવ્યો, પરંતુ આ વિજય પછી ભવિષ્યની વિવિધ રાજકીય પડકારોની રચનામાં મોટુ પરિવર્તન લાવવાની ક્ષમતા ઉભી કરી છે. ખાસ કરીને આ પરિણામો ભારતીય રાજકીય દૃશ્યમાં મોદી અને શાહના નેતૃત્વ તેમજ મહિલા-કેન્દ્રિત યોજનાઓના પ્રભાવને એક નવા સ્તર ઉપર લઈ ગયા છે. બિહારના આ પરિણામની સકારાત્મક અસર હજુ પણ સાપેક્ષ રીતે જોવા મળવી છે, કારણ કે આગામી પાંચ રાજ્યોમાં—આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરી—આ ઉપરાંત બિરાદરી રાજનીતિ, નેતાઓની વ્યૂહરચના અને ભાજપની સ્થિતિ પર આનો ગહન પ્રભાવ રહેશે.

બિહારની વિધાનસભા ચૂંટણીમાં મળેલ એનડીએના વિજયમાં એક મહત્વપૂર્ણ કારણ એ રહ્યું કે વિપક્ષી ગઠબંધન સંપૂર્ણપણે નિષ્ફળ ગયું. ભેળસેળમાં વિપક્ષ પોતાનો તાણોવાણો જાળવી શક્યો નથી, જેના કારણે તેમને મતદારોની આકર્ષણ શક્તિ ગુમાવી દીધી છે. હવે આ બિહારનું માળખું એવી રીતે બને તેમ છે કે તે અન્ય રાજ્યોમાં પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સરકારી સેટઅપ અને લોકશાહીમાં પ્રભાવ પાડશે. ખાસ કરીને મહિલાઓ માટે ઘોષિત કરવામાં આવેલી કેન્દ્ર સરકારની રોકડ સહાય યોજનાઓ ગેમ ચેન્જર તરીકે સાબિત થઈ રહી હોવાનું પણ રાજકીય દ્રષ્ટિકોણથી જોવામાં આવી રહ્યું છે.

આ યોજનાઓ સીધી રીતે ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોમાં જનજીવનને અસર કરે છે, જેના કારણે મહિલાઓને મતદાન માટે પ્રેરણા મળી રહી છે અને રાજકીય પાયાને મજબૂત બનાવવામાં મદદ મળી છે.

આ સંદર્ભમાં વધુ એક મહત્વનું પાસું એ છે કે નરેન્દ્ર મોદી અને અમિત શાહની ટીમને મળેલી આ જીતથી રાજકીય પડકારો દૂર થઈ ગયા છે. કેન્દ્રમાં ભાજપની બહુમતી ન મળવાના સંકટ અને એથી ઊભા થતા સંશયો હવે ઘટી ગયા છે, જેના કારણે પક્ષ વધુ આત્મવિશ્વાસથી આગામી ચૂંટણી શરૂ કરી શકે છે. જેડીયુ અને ટીડીપી જેવા ભાગીદારો સાથે મજબૂત સંબંધો નર્માણ થવાના કારણે પણ એનડીએની રાજકીય મૂલ્યવૃદ્ધિ થઈ છે. આ વિજયથી એમને આશા છે કે આગામી રાજ્યોમાં પણ સ્થળિય પાર્ટીઓ સાથે યથાવત સહયોગ સાધી વધુ મજબૂત રાજકીય પકડ મેળવશે. જ્યારે બિહારની ચૂંટણીમાં વ્યૂહરચના પર ચર્ચા થાય છે, ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને તેની પારિવારિક સંસ્થાઓનું યોગદાન પણ મૂંઝવણ રહિત રીતે મોટું અને સર્વગ્રાહી છે. આ ચૂંટણીમાં ૨,૨૧૦ આરએસએસ સ્વયંસેવકો ઘરના ઘરના દરવાજા સુધી જઈને પ્રચાર કરવામાં સક્રિય રહ્યા હતા. તેના દ્વારા તેમને મતદારોને ચૂંટણીમાં સામેલ થવા માટે પ્રેરિત કરવું, સરકારની યોજનાઓ વિશે માહિતી આપવી અને ખાસ કરીને મહિલાઓ અને યુવાનોમાં મતદાન ઉત્સાહ જમાવવાનો પ્રયત્ન રહ્યો.

આ સ્વયંસેવકોએ વિવિધ જૂથોના મતદારો સુધી પહોંચવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું જેમાં 'લોકમત જાગરણ' અને 'લોકમત પરિષદ' જેવી યોજનાઓ ખાસ નોંધપાત્ર છે. આ કાર્યક્રમો સામાજિક સ્તરે લોકોમાં જાગૃતિ લાવવાનું પ્રભાવશાળી રૂપક બન્યું છે, જે માત્ર ચૂંટણી સુધી મર્યાદિત નથી પરંતુ ચૂંટણી પછી પણ લોકસેવામાં પ્રતિબદ્ધ રહેશે. આરએસએસ સાથે સંકળાયેલા સંગઠનો જેમ કે વિદ્યા ભારતીએ મહિલા મતદારોમાં જાગૃતિ લાવવા અત્યંત કાર્યકર અભિયાનો પ્રથમવાર અમલમાં લાવ્યા, તો સેવા ભારતી અને વિદ્યાર્થી પરિષદે યુવાનોને મતદાન માટે પ્રેરણા આપવાનું કામ કર્યું.

સ્વયંસેવકોનું કાર્ય માત્ર પ્રચાર પૂરતું સીમિત ન રહીને મતદાનના દિવસે અને ત્યારબાદ પણ સક્રિય સહાયરૂપ રહ્યું. તેઓએ વૃદ્ધો અને અપંગોને પોલિંગ બૂથ સુધી લઈ જવાની વ્યવસ્થા કરી અને લોકસભામાં ભાગીદારી વધારવામાં મહત્વનું યોગદાન આપ્યું. આ રીતે આરએસએસએ પ્રત્યક્ષ જનસંપર્કનો અનોખો અભિગમ દેખાડ્યો, જે સામાન્ય રાજકીય પ્રચારથી ઘણો આગળ છે.

આ કાર્યને રાજ્યભરના ૨,૨૧૦ શાખાઓએ એકસાથે આયોજિત કરીને સંઘ પરિવારએ રાજકીય મંચ પર પોતાનું જીવંત પરિણામ રજૂ કર્યું છે. ૮૧૫ સ્થળે સાપ્તાહિક બેઠકો યોજાય છે, જ્યાંથી આ કાર્યક્રમ વધુ વિસ્તૃત અને ગાઢ બની રહ્યો છે. આ સ્વયંસેવકોએ જનજીવનના વિવિધ પાસાઓ જેવા કે આરોગ્ય, શિક્ષણ, રોજગારી અને નાગરિક કાયદાઓને પ્રચાર ધ્યેય બનાવ્યો, જેના માટે તેઓ લોકસભા મતદારોનો વિશ્વાસ જીત્યા છે.

આ ઉપરાંત જોઈએ તો આ કાર્ય રાજકીય પક્ષને એક નવો ઉપક્રમ અને ધાર્મિક-સામાજિક વૃદ્ધિ પણ આપે છે. આને કારણે મર્યાદિત રાજકીય જીત બહાર નીકળી સમુદાય અને સમાજના વિસ્તૃત સ્તરોમાં સંવાદનો પ્રવાહ વધારવાનું કામ થઈ રહ્યું છે. રાજનીતિમાં આવતું આ પરિવર્તન એ એક દૃષ્ટિએ 'ભાઈચારાનો અભિગમ' પણ કહી શકાય, જ્યાં વિધાનસભા વિજય માત્ર એક રાજકીય પરિણામ નહીં પરંતુ સમગ્ર સમાજ માટે નવી આશા અને પ્રેરણા બની છે.

આ રીતે, બિહારના પરિણામો માત્ર ચૂંટણી પરિધિ માટે મર્યાદિત રહીને નેશનલ સ્તરે પણ એક નવો રણનીતિક દોર ઉભો કરીને રાજકીય માહોલને પરિવર્તિત કરી શકે તેવું સ્પષ્ટ છે. સંઘ પરિવારના સ્વયંસેવકોની મહેનત અને મહિલાઓને કેન્દ્રમાં રાખતી ભાજપની યોજનાઓ ભવિષ્યની ચૂંટણીમાં મોટો ફેર લાવી શકે છે અને ભારતના રાજનીતિના નકશામાં નોંધપાત્ર ફેરફારો લાવી શકે છે.

**બિહાર વિધાનસભાની ચૂંટણીના પરિણામો મોદી સરકાર માટે અત્યંત મહત્વપૂર્ણ અને ગેમ ચેન્જર સાબિત થયા છે. સંઘ પરિવારની મહેનત આખરે રંગ લાવી છે.**

## શબ્દ સંજોગ-૨૧૦૩



**આડી ચાવી :**
(૧) પગલું (૩)
(૩) પ્રાણપ્રિય (૪)
(૬) ચીથરા લપેટી બનાવાતી દડી (૨)
(૭) રુદન, આક્રંદ (૩)
(૮) વચન, બોલવું તે (૨)
(૧૦) અષાડ વદ અમાસનું પર્વ (૩)
(૧૧) કંકણ, કંડુ (૩)
(૧૨) કજિયો, કંકાસ (૩)
(૧૩) એક હથિયાર (૨)
(૧૪) લાલસા, લોભ (૩)
(૧૫) ઈર્ષા, અદેખાઈ (૨)
(૧૭) એકબીજાને, અરસપરસ (૪)
(૧૯) તીર મારવામાં કુશળ (૪)
(૨૨) અલગ કાઢેલી સીડી (૨)
(૨૪) અમેરિકાની એક બહુરાષ્ટ્રીય કંપની (૩)
(૨૫) તરંગી, દઢતા વિનાનું (૩)
(૨૮) ઉત્તમ નટ (આ-અ) (૪)
(૩૦) મૂડી, પૂંજી (૩)
(૩૧) સગા.... સ્વાર્થના (૧)

**ઉભી ચાવી :**
(૧) ઉપાધિ, ઈલકાબ (૩)
(૨) સુરત જિલ્લાનું એક ગામ (૨)
(૩) ધીરજ, આશ્વાસન (૩)
(૪) લુપ્ત થવું તે (૨)
(૫) નવલુ, આશ્ચર્યકારક (૩)
(૭) વેવિશાળ, સગાઈ (૩)
(૯) સંચય, સંગ્રહ (૩)
(૧૦) સારુ લાગે - ગમે એવુ (૪)
(૧૧) ઢોરનો એક રોગ (૨)
(૧૨) રંગ (૩)
(૧૩) વાણી, સરસ્વતી (૩)
(૧૪) બેપરવા (૪)
(૧૬) કિંમતી માલનો વેપારી (૪)
(૧૮) રેતી (૨)
(૨૦) બ્રહ્મદેશનું પાટનગર (૩)
(૨૧) જળ, પાણી (૨)
(૨૩) સિક્કાને ઠેકાણે વપરાતો ચલણી કાગળ (૨)
(૨૬) જેવી રીતે, જે પ્રમાણે (૨)
(૨૭) પીડા, ઉપાધિ (૨)
(૨૯) ભૂખમરાનું સંકટ (૨)

## શબ્દ સંજોગ-૨૧૦૨ જવાબ

**આડી ચાવી:** (૧) ખૂંટ (૩) ખંડધારા (૫) ઘાટપોત (૭) ખૂંચ (૧૧) દરમાયો (૧૩) અદાકાર (૧૫) કદ (૧૬) અમ (૧૮) રણબીર (૧૯) દાઢ (૨૧) ડપપા(પાપડ) (૨૪) ટોટલ (૨૫) ખડકલો (૨૭) કોળુ (૨૮) ગર્વ.
**ઉભી ચાવી:** (૧) ખૂંદાખૂંદ (૨) તટ (૩) ખંત (૪) ધાડ (૬) પોષ (૮) ચરક (૯) પેદા (૧૦) પ્યાર (૧૨) માદરપાટ (૧૩) અમર (૧૪) કામદા (૧૬) અબીલ (૧૭) પડ (૨૦) ઢગલો (૨૨) પટોળુ (૨૩) પંડ (૨૫) ખર્વ (૨૬) કમ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૪૬૮ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૫૪ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૮૮ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૯૮૬ |
| બાજરી | ૩૦૦ | ૪૮૨ |
| તુવેર | ૧૦૩૦ | ૧૩૫૦ |
| ચણા પીળા | ૯૦૧ | ૧૧૦૯ |
| ચણા સફેદ | ૧૧૭૧ | ૧૮૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મગ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૯૫૦ |
| ચોળી | ૮૦૦ | ૧૩૧૯ |
| મઠ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૨૦૦ |
| કળથી | ૩૫૦ | ૫૨૫ |
| રાજમા | ૧૨૦૦ | ૧૫૭૦ |
| મગફળી જાડી | ૯૭૦ | ૧૩૪૦ |
| મગફળી જીણી | ૧૦૭૫ | ૧૩૬૫ |
| તલી | ૧૯૪૦ | ૨૨૮૪ |
| સુરજમુખી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૨૩૫ | ૧૩૨૨ |
| અજમો | ૧૮૫૦ | ૧૮૫૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૮૫ | ૯૩૦ |
| સીંગફાડા | ૯૫૨ | ૧૪૩૯ |
| કાળા તલ | ૩૪૨૫ | ૫૨૨૫ |
| લસણ | ૬૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૫૫૦ |
| મરચા સુકા | ૧૧૫૦ | ૪૦૦૦ |
| ધાણી | ૧૩૭૦ | ૧૭૩૦ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૩૫૨૦ | ૪૦૨૫ |
| રાય | ૧૮૨૦ | ૧૯૫૦ |
| મેથી | ૧૨૮૦ | ૧૪૦૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૧૭૫ |
| કલોંજી | ૩૮૦૦ | ૪૮૫૦ |
| રાયડો | ૧૩૦૦ | ૧૩૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૧૧ | ૬૫૭ |
| પપૈયા | ૭૫ | ૯૫ |
| બટેટા | ૨૦૩ | ૫૧૧ |
| ડુંગળી સુકી | ૫૧ | ૧૭૫ |
| ટમેટા | ૫૪૬ | ૯૮૭ |
| સુરણ | ૭૯૬ | ૯૧૧ |
| કોથમરી | ૯૬૧ | ૧૩૪૭ |
| મુળા | ૩૨૭ | ૪૮૬ |
| રીંગણા | ૮૩૯ | ૧૭૭૬ |
| કોબીજ | ૨૧૭ | ૪૦૨ |
| ફ્લાવર | ૩૪૮ | ૫૫૭ |
| ભીંડો | ૭૧૨ | ૧૦૧૪ |
| ગુવાર | ૧૦૧૯ | ૨૦૨૩ |
| ચોળાસીંગ | ૭૦૬ | ૧૨૯૪ |
| વાલોળ | ૧૦૭૫ | ૧૫૭૯ |
| ટીંડોરા | ૮૨૬ | ૧૩૬૭ |
| દુધી | ૩૨૧ | ૫૫૬ |
| કારેલા | ૭૨૬ | ૯૯૧ |
| સરગવો | ૯૭૬ | ૨૨૯૭ |
| તુરીયા | ૧૦૧૭ | ૧૪૪૫ |
| પરવર | ૧૧૯૨ | ૧૩૮૯ |
| કાકડી | ૮૦૯ | ૯૭૮ |
| ગાજર | ૫૧૯ | ૭૦૮ |
| વટાણા | ૧૬૧૪ | ૨૦૨૪ |
| ગલકા | ૬૮૧ | ૧૦૨૭ |
| બીટ | ૨૨૯ | ૪૩૨ |
| મેથી | ૮૦૭ | ૧૦૩૯ |
| વાલ | ૧૨૧૨ | ૧૬૮૭ |
| ડુંગળી લીલી | ૨૬૯ | ૪૩૭ |
| આદુ | ૧૧૧૩ | ૧૩૨૭ |
| ચણા લીલા | ૧૦૪ | ૯૦૭ |
| મરચા લીલા | ૩૩૭ | ૮૦૭ |
| હળદર લીલી | ૪૨૬ | ૬૪૧ |
| લસણ લીલું | ૧૮૫૯ | ૨૪૨૧ |
| મકાઇ લીલી | ૩૦૯ | ૪૧૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૪૫૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૮ |
| મગફળી જીણી | ૭૮૧ | ૧૨૯૧ |
| સિંગદાણા જાડા | ૧૧૪૧ | ૧૩૬૧ |
| સિંગ ફાડીયા | ૭૨૬ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૩૪૧ |
| જીરૂ | ૨૬૫૧ | ૪૨૭૧ |
| કલંજી | ૨૬૫૧ | ૪૮૦૧ |
| વરીયાળી | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ધાણા | ૮૦૦ | ૧૬૬૧ |
| લસણ સુકુ | ૫૦૧ | ૧૦૨૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૬૧ |
| અડદ | ૭૦૧ | ૧૨૯૧ |
| મઠ | ૪૭૬ | ૮૦૧ |
| તુવેર | ૮૦૧ | ૧૨૦૧ |
| રાયડો | ૧૨૩૧ | ૧૨૬૧ |
| રાય | ૧૬૦૧ | ૧૭૬૧ |
| મેથી | ૬૫૧ | ૧૦૦૧ |
| સુવાદાણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| કાંગ | ૪૫૧ | ૬૦૧ |
| કારીજીરી | ૩૫૭૬ | ૩૫૭૬ |
| મરચા | ૬૫૧ | ૪૨૫૧ |
| મગફળી જાડી | ૭૬૧ | ૧૩૫૧ |
| સફેદ ચણા | ૧૦૩૧ | ૧૮૦૧ |
| મગફળી ૬૬ | ૯૬૧ | ૧૪૭૧ |
| તલ - તલી | ૧૨૫૧ | ૨૩૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૮૧ |
| ડુંગળી સફેદ | ૧૦૧ | ૨૬૧ |
| બાજરો | ૨૦૧ | ૩૯૧ |
| જુવાર | ૬૫૧ | ૯૨૧ |
| મકાઇ | ૩૬૧ | ૩૮૧ |
| મગ | ૮૦૧ | ૧૭૭૧ |
| ચણા | ૯૫૧ | ૧૦૯૬ |
| વાલ | ૫૦૧ | ૧૧૫૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૧૩૩૧ |
| સોયાબીન | ૭૫૧ | ૧૧૦૧ |
| અજમાં | ૬૫૧ | ૬૫૧ |
| ગોગળી | ૬૦૧ | ૮૫૧ |
| વટાણા | ૨૪૧ | ૧૭૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૧૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૬૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૬૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| અંબાળા | ૫૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૩૮૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૬ |
| મળા પુરા | ૫ | ૬ |
| ફોદીનો પુરા | ૩ | ૪ |
| પચકારુ | ૨૦૦ | ૪૦૦ |
| ગ્રાણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અલાવીપન | ૧૦ | ૧૫ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૭૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૧૦ |
| પાલક પુરા | ૪ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૧૦ | ૧૧૭૫ |
| શિંગ ગીરનારી | ૮૫૬ | ૧૨૭૦ |
| શિંગ મોટી | ૬૨૦ | ૧૩૫૬ |
| શિંગદાણા | ૮૦૦ | ૧૨૭૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૩૦૦૦ |
| તલ કાળા | ૨૬૫૦ | ૫૬૨૦ |
| તલ કાશ્મીરી | ૨૧૯૦ | ૨૩૨૫ |
| બાજરો | ૩૦૫ | ૪૦૦ |
| જુવાર | ૩૭૦ | ૯૫૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૫૪ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૭૪ |
| મગ | ૧૩૦૫ | ૧૩૦૫ |
| ચણા | ૯૧૨ | ૧૨૦૦ |
| ચણા સફેદ | ૧૦૦૮ | ૧૧૧૫ |
| છોલે ચણા | ૧૧૧૭ | ૧૪૧૦ |
| તુવેર | ૮૦૦ | ૧૨૫૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૭૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૯૨ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૦૦૦ |
| સોયાબીન | ૭૨૧ | ૯૦૯ |
| રજકાની બી | ૩૦૦૦ | ૭૫૫૦ |
| કાંગ | ૪૩૫ | ૫૮૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૪૪૦ |
| રીંગણા | ૮૪૦ | ૧૬૦૦ |
| ફ્લાવર | ૬૪૦ | ૮૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૬૨૦ | ૮૪૦ |
| ટમેટા | ૮૫૦ | ૯૫૦ |
| સુરણ | ૬૦૦ | ૬૫૦ |
| ગાજર | ૭૫૦ | ૧૨૦૦ |
| દુધી | ૬૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૬૦૦ | ૧૦૦૦ |
| મુળા | ૩૪૦ | ૫૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૪૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૫૪૦ | ૨૦૫૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૧૨૨૦ |
| વાલ | ૧૨૨૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૪૦ |
| હળદર લીલી | ૬૪૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| કોથમીર | ૮૪૦ | ૧૨૫૦ |
| મેથીભાજી | ૯૦૦ | ૧૨૪૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૫૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૩૪૦ |
| સરગવો | ૧૮૦૦ | ૨૮૦૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૨૮૦ | ૪૪૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૧૬૦૦ | ૩૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૬૫૦ |
| લીંબુ | ૩૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૫૦૦ |
| વાલ | ૧૨૨૦ | ૧૪૦૦ |
| અમળા | ૫૦૦ | ૭૦૦ |
| પાલક | ૮૪૦ | ૯૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર નવો | ૧૨૨૦ | ૧૫૩૫ |
| કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૭૦ |
| મગફળીજી૨૦ | ૧૦૦૭ | ૧૨૮૩ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૨૧૮૦ |
| જીરૂ | ૩૨૬૦ | ૪૦૬૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૪૫ |
| અડદ | ૯૫૦ | ૧૨૩૦ |
| સોયાબીન | ૭૮૮ | ૮૭૨ |
| ચણા | ૯૫૪ | ૧૧૫૬ |
| તલકાળા | ૩૨૬૦ | ૪૬૭૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૧૫ | ૧૧૨૧ |
| શીંગ મોટી | ૯૨૫ | ૧૩૪૧ |
| તલ સફેદ | ૨૦૦૧ | ૨૩૩૫ |
| તલ કાળા | ૩૮૦૦ | ૫૨૫૪ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૦૪૬ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૧૨ |
| બાજરો | ૩૦૦ | ૬૨૨ |
| જુવાર | ૯૫૦ | ૧૧૬૬ |
| અડદ | ૮૦૦ | ૧૨૪૧ |
| ચણા | ૮૮૪ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૭૮ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| કપાસ કોડી | ૮૩૦ | ૧૧૯૫ |
| મગફળી | ૭૦૦ | ૧૨૦૦ |
| ઘઉં | ૪૫૧ | ૫૩૬ |
| ચણા | ૮૫૫ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ધાણા | ૧૩૧૦ | ૧૪૮૬ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| અડદ | ૭૬૦ | ૧૦૦૫ |
| બાજરો | ૩૫૫ | ૩૫૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૪૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૯૬ |
| અડદ | ૮૦૧ | ૧૨૦૬ |
| મગફળી | ૫૦૧ | ૧૧૯૧ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૩૫૧ | ૨૧૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૫૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૧૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૯૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૭ | ૫૬૩ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૪૯ |
| ચણા | ૯૧૧ | ૧૦૪૩ |
| ધાણા | ૧૩૫૫ | ૧૫૩૫ |
| અડદ | ૯૦૫ | ૧૦૭૫ |
| સોયાબીન | ૬૪૫ | ૯૨૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૩૦ |
| ચણા છોલે | ૧૪૧૦ | ૧૬૦૦ |
| શીંગફાડા | ૧૦૪૦ | ૧૧૭૦ |
| જુવાર | ૯૦૦ | ૧૦૦૦ |
| લશણ | ૧૦૫ | ૫૨૫ |
| મેથી | ૬૩૫ | ૭૦૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૯૦૧ | ૨૩૨૫ |
| તલ કાળા | ૩૮૦૧ | ૩૯૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૩૭૧ | ૪૭૨ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૯૦ |
| જુવાર | ૭૦૧ | ૧૦૪૧ |
| અડદ | ૭૦૭ | ૧૧૫૩ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૬૬૧ | ૮૪૯ |
| મેથી | ૮૧૨ | ૧૦૫૨ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૪૪ | ૧૨૪૩ |
| શીંગ ૩૯ | ૮૧૮ | ૧૧૦૦ |
| શીંગ ગીરનારી | ૮૫૫ | ૧૨૬૦ |
| શીંગ જી-૨૦ | ૯૦૧ | ૧૩૧૯ |
| બાજરી | ૩૫૬ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૪૯૯ | ૬૪૨ |
| અડદ | ૩૯૫ | ૧૩૯૫ |
| મગ | ૫૦૦ | ૯૨૦ |
| સોયાબીન | ૭૨૪ | ૯૧૬ |
| ચણા | ૭૦૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૩૩૩ | ૨૩૮૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૫૦૯૯ |
| ડુંગળી લાલ જુની | ૮૩ | ૨૦૫ |
| કપાસ શંકર | ૬૦૩ | ૧૫૧૧ |
| ડુંગળી લાલ નવી | ૭૪ | ૧૧૧ |
| જીરૂ | ૩૮૭૬ | ૩૯૩૯ |
| નાળીયેર | ૪૨૦ | ૨૬૪૯ |
| **કોડીનાર** | | |
| મગફળી જી ૨૦ | ૮૨૫ | ૧૩૯૪ |
| મગફળી ૩૨ નં. | ૭૩૫ | ૧૨૩૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૫ |
| જુવાર | ૭૫૦ | ૯૯૯ |
| અડદ | ૬૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૪૮ |
| સફેદ તલ | ૧૫૫૦ | ૨૩૩૦ |
| કાળા તલ | ૩૨૫૦ | ૫૧૧૦ |
| સોયાબીન | ૭૯૮ | ૯૧૧ |
| કાંગ | ૪૦૦ | ૫૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૨૦ | ૧૫૧૯ |
| કપાસ સી ગ્રેડ | ૯૦૦ | ૯૦૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૧૫ | ૪૬૦ |
| ઘઉં | ૪૮૩ | ૫૪૫ |
| અડદ | ૧૦૨૫ | ૧૨૭૫ |
| વાલ | ૩૦૦ | ૫૪૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૯૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૯ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૬૩૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૭૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૮૦ |
| મગફળી ૬૬ નં | ૧૦૦૦ | ૧૪૨૦ |
| મગફળી ૯નં | ૧૦૦૦ | ૧૬૯૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૧૩ |
| તલ | ૧૭૦૦ | ૨૫૦૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૩૧૫ |
| લસણ | ૪૭૫ | ૯૪૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| અજમો | ૧૪૫૦ | ૩૨૦૫ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૦૯૦ |
| ધાણા | ૬૦૦ | ૧૫૩૫ |
| મરચા | ૪૦૦ | ૨૯૦૦ |
| ડુંગળીસુકી | ૫૦ | ૨૧૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| વટાણા | ૫૦૦ | ૬૫૫ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૯૦૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૩૪ | ૧૫૦૧ |
| કપાસ કોડી | ૯૭૬ | ૧૧૭૫ |
| મગફળી | ૮૨૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના હપ્તા રાજ્યના ૪૯ લાખ ખેડૂતોના ખાતામાં જમા

ગાંધીનગર,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરના ટાઉન હૉલ ખાતે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૧મા હપ્તાનો વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાતના ૪૯ લાખથી વધુ લાભાર્થી ખેડૂત પરિવારોના ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા રૂ. ૯૮૦ કરોડથી વધુની સહાય એક જ ક્લિકમાં જમા કરવામાં આવી હતી. દેશભરમાં લગભગ ૯.૫ કરોડથી વધુ ખેડૂતોને કુલ ૨૦,૦૦૦ કરોડથી વધુની રકમ વિતરિત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું "મોદી સરકાર ખેડૂતોની પડખે ઊભી છે" મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર કુદરતી આફતોના સમયે પણ ખેડૂતોની પડખે ઊભી રહી છે.



ગુજરાતમાં વાવાઝોડું, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવી પરિસ્થિતિઓમાં કેન્દ્ર અને રાજ્યની 'ડબલ એન્જિન' સરકારે ઝડપથી મદદ પહોંચાડી છે. આ જ કારણે રાજ્યમાં વિશાળ કૃષિ પેકેજની જાહેરાત અને અમલ શક્ય બન્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે,"આજનો સમય પ્રાકૃતિક કૃષિનો છે. રસાયણમુક્ત ખેતી અને સજીવ ખેતીને ખેડૂતો પ્રાધાન્ય આપે એ જ સમયની સૌથી મોટી માંગ છે.", ગુજરાતમાં ૯૮ ટકાથી વધુ ખેડૂતોને દિવસે ૮ કલાક સતત વીજ પુરવઠો મળે છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતના ખેડૂતોને સૌથી વધુ સમય વીજળી મળે છે,

# રાજકોટમાં રેડ પાડવા ગયેલા જીએસટીના અધિકારીઓને માર મારતા પોલીસ ફરિયાદ

રાજકોટ,તા.૧૯

રાજકોટના ભક્તિનગર સર્કલ પાસે આવેલા ઓમ રેસ્ટોરન્ટમાં GST અધિકારીઓ દ્વારા રેડ કરવામાં આવી હતી. અહીં મંગળવાર સવારથી ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જોકે, રાત્રિના સમયે રેસ્ટોરન્ટના માલિક દ્વારા માથાકૂટ કરવામાં આવી હતી અને GST અધિકારીઓને માર મારવામાં આવ્યો હતો. જોકે, દરોડા દરમિયાન GST




અધિકારીને જુદી જુદી વિદેશી બ્રાન્ડની ચાર દારૂની બોટલ મળી આવી હતી, ત્યારે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં આ મામલે અરજી કરવામાં આવી હતી. જ્યારે દારૂની બોટલ મળી આવતા ગુનો પણ નોંધવામાં આવ્યો છે. GSTના અધિકારી અંકિતકુમાર બછોલાલે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, GSTના સુપ્રિટેન્ડેન્ટ જયપ્રકાશસિંહ રામચંદ્રસિંહ, ઈન્સ્પેક્ટર અશોકકુમાર બજરંગલાલ, રાહુલસિંગ દલબીરસિંહ અને લલિત મુકેશ ચંદેલ સાથે ભક્તિનગર સર્કલ પાસે આવેલા ત્રણ માળના ઓમ રેસ્ટોરન્ટમાં GSTની રેડ પાડવા માટે ગયા હતા, ત્યારે આ રેસ્ટોરન્ટના માલિક વલ્લભભાઈ જીવરાજભાઈ તારપરા બોલાચાલી કરી જતા રહ્યા હતા.

# ધોરાજીના જૂનાગઢ રોડ ઉપર પ્લાસ્ટિકના ૧૨ જેટલા કારખાનામાં તસ્કરો રૂ. ૮૮,૫૦૦ની ચોરી કરીને નાસી ગયા

ધોરાજી, તા.૧૯

ધોરાજીના જૂનાગઢ રોડ પ્લાસ્ટિકના કારખાનામાં ગઈકાલે અચાનક કોઈ અજાણ્યા શખ્સોએ ૧૨ જેટલા પ્લાસ્ટિકના કારખાનામાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂપિયા ૮૮,૫૦૦ ની ચોરી કર્યા અંગેની ફરિયાદ ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી ધોરાજી જૂનાગઢ રોડ ખાતે આવેલ ગોકુલ પેકેજીંગ પ્લાસ્ટિકના કારખાનાના



હસમુખભાઈ કનુભાઈ ગેવરીયાએ ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જણાવેલ કે રવિવારે રાત્રિના કોઈ અજાણ્યા શખ્સો અમારા કારખાના સહિત બાર જેટલા અન્ય કારખાનામાં ગેરકાયદેસર પ્રવેશ કરીને રૂપિયા ૮૮,૫૦૦ ચોરી કરીને નાસી ગયા હતા. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી.

# મોડેલ હની પટેલે માત્ર ૭ દિવસમાં જ આપમાંથી રાજીનામું આપી દીધું





સુરત,તા.૧૯

આમ આદમી પાર્ટીમાં એક અઠવાડિયા પહેલા જ જોડાયેલી કાર્યકર અને મોડેલ હની પટેલે ભારે વિવાદ બાદ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. એક અઠવાડિયા પહેલાં જ તે આપમાં જોડાઈ હતી. રાજકારણમાં જોડાતાની સાથે જ તેના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપભેર વાયરલ થયા હતા. આ વીડિયોમાં હની પટેલ બિયરની બોટલમાંથી ગ્લાસ ભરતા અને સિગારેટ પીને ધૂમાડો ઉડાવતી જોવા મળી રહી છે.

# આંતરરાષ્ટ્રીય સાયબર તસ્કરી કરનાર માસ્ટરમાઈન્ડ નિલેશ પુરોહિતને ગુજરાત સાયબર ટીમે ઝડપી લીધો

અમદાવાદ, તા.૧૯

ગુજરાતની સાયબર સેન્ટર ઑફ એક્સિલન્સની ટીમે મ્યાનમારના કેકે પાર્ક તથા કંબોડિયામાં ચીની સાયબર માફિયા દ્વારા સંચાલિત સ્કેમ સેન્ટરોમાં સાયબર સ્લેવરી માટે લોકોની તસ્કરી કરનાર આંતરરાષ્ટ્રીય રેકેટના માસ્ટરમાઈન્ડ નિલેશ ઉર્ફે નીલ નરપતસિંહ પુરોહિતને ધરપકડ કરી છે. નિલેશ પુરોહિતે ૧૨૬ થી વધુ સબ-એજન્ટોનું વ્યવસ્થિત નેટવર્ક ઊભું કર્યું હતું, જેમાં ૩૦ થી વધુ પાકિસ્તાની એજન્ટો તથા ૧૦૦ થી વધુ ચીની અને વિદેશી કંપનીઓના HR સાથે સીધો સંપર્ક હતો. આ નેટવર્ક દ્વારા ભારત, શ્રીલંકા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, નાઈજીરિયા, ઈજિપ્ત, કેમેરૂન, બેનિન તથા ટ્યુનિશિયા સહિતના દેશોના ૫૦૦ થી વધુ નાગરિકોને ઊંચા પગારની ડેટા એન્ટ્રી જોબની લાલચ આપીને મ્યાનમાર, કંબોડિયા, વિયેતનામ તથા થાઈલેન્ડમાં સાયબર સ્કેમ સેન્ટરોમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી વધુ ૧૦૦૦ થી વધુ લોકોને મોકલવાની ડીલ ફાઈનલ કરી ચૂક્યો હતો અને ધરપકડના એક દિવસ પહેલાં જ પંજાબના એક યુવાનને કંબોડિયા મોકલ્યો હતો. આરોપી વ્યક્તિદીઠ ૨૦૦૦ થી ૪૫૦૦ ડોલર કમિશન લેતો હતો અને સબ-એજન્ટોને ૩૦-૪૦% આપતો હતો.

# કોડીનાર વિસ્તારમાં ખાનગી સિમેન્ટ કંપનીની તાનાશાહી સામે ખેડૂતોનો રોષ

કોડીનાર,તા.૧૯

કોડીનાર તાલુકામાં આવેલી ખાનગી સિમેન્ટ કંપનીની કથિત મનમાની સામે ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાયો છે. કંપનીએ નિયમો નેવે મૂકીને, આડેધડ રસ્તા બનાવીને અનેક ગામોના ખેડૂતોના ખેતરમાં જવાના મૂળભૂત રસ્તાઓ તેમજ જાહેર પરિવહનના માર્ગો પણ બંધ કરી દીધા હોવાનો આક્ષેપ કરાયો છે. સ્થાનિકો તથા ખેડૂતોનો આક્ષેપ કર્યો છે કે, કંપનીની જોહુકમી અને મનમાની સામે વહીવટી તંત્ર પણ ઘૂંટણિયે પડી ગયું હોય તેવો માહોલ છે. નિયમ મુજબ, ઉદ્યોગોએ પરિવહન માર્ગો માટે જવાબદાર સરકારી ખાતાઓની પૂર્વ પરવાનગી લેવી ફરજિયાત છે, પણ સિમેન્ટ કંપનીએ આ જોગવાઈઓનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કર્યું છે. કંપનીએ માઈનિંગ લીઝની આડમાં સરકારી પડતર અને ગૌચરની જમીનનો ગેરકાયદે ઉપયોગ કરીને પોતાના અંગત હેતુ માટે રસ્તાઓ બનાવ્યા છે. વડનગર બાયપાસ ચોકડીથી ગાંગેથા જતો મૂળ રસ્તો કંપનીએ તેના પ્લાન્ટમાંથી પસાર થતો હોવાથી બંધ કરી દીધો છે, તો વડનગર-નવાગામ રસ્તો કંપનીની કોલોની વચ્ચેથી નીકળતો હતો તે બંધ કરાયો છે. પેઢાવાળાની બિનખેતી જમીનને લાગુ નવાગામ જવાનો રસ્તો પણ કંપનીએ દીવાલ બનાવીને બંધ કરી દીધો છે.

રામપરા, કુકરાસ, ભેટાળી, લોઢવા, થોરડી, સુગાળા સહિતના ગામોમાં કંપનીની લીઝ ચાલી રહી છે. આ તમામ વિસ્તારોમાં કંપનીએ માઈનિંગ માટેના મૂળ રસ્તાઓ ખોદી કાઢીને બંધ કરી દીધા છે. આ મામલે જિલ્લા કલેક્ટરને લેખિત ફરિયાદ કરવામાં આવી હોવા છતાં પગલાં લેવાયા નથી.

# ધોરાજીમાં પાણીજન્ય રોગચાળા બાદ કોંગ્રેસ આક્રમક, નગરપાલિકાને સુપરસીડ કરવાની માગણી

ધોરાજી, તા.૧૯

ધોરાજી શહેરમાં દૂષિત પાણીને કારણે પાંચ પીરની વાડી વિસ્તારમાં ફેલાયેલા કોલેરાજન્ય રોગચાળા મામલે હવે વિપક્ષ કોંગ્રેસે પણ પોતાનો આક્રોશ દર્શાવ્યો છે. ધોરાજી શહેર કોંગ્રેસના પ્રમુખ દિનેશ વોરા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ડી.એલ. ભાષા, વોર્ડ નંબર ત્રણના નગરસેવક આલમ મિયાં સૈયદ સહિત કોંગ્રેસના અગ્રણીઓ પાંચ પીરની વાડી



વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોના સદસ્યોને મળવા પહોંચ્યા હતા. કોંગ્રેસની ટીમે અસરગ્રસ્ત વિસ્તારની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું અને નગરપાલિકામાં વર્તમાન શાસકો સામે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, નગરપાલિકા બેજવાબદારીપૂર્વક કામગીરી કરી રહી છે અને લોકોના જીવ તથા આરોગ્યની પડી નથી. તેમણે આક્ષેપ કર્યો કે શહેરમાં વિવિધ વિસ્તારોમાં અનેક વખત ડહોળા અને ગંદા પાણીની સપ્લાય થવાની ઘટનાઓ બનતી રહે છે. કોંગ્રેસ અગ્રણીઓએ માગણી કરી હતી કે, પ્રજાની પ્રાથમિક અને આવશ્યક સેવાઓ સચવાય એ માટે સરકારે વર્તમાન નગરપાલિકાને સુપરસીડ કરીને વહીવટદારનું શાસન લાદી દેવું જોઈએ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ.

# તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ અંતર્ગત ૨૦૦ મીટર ઈવેન્ટમાં દીક્ષિકા વાઢેર પ્રથમ સ્થાને

કોડીનાર,તા.૧૯

કોડીનારની સોમનાથ સાયન્સ એકેડમીની વિદ્યાર્થિની ઉના તાલુકાના દેલવાડા ગામની વાઢેર દીક્ષિકાબેન માવજીભાઈએ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ ૨૦૨૫ની ૨૦૦ મીટર ઈવેન્ટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત મેળવ્યું છે. તેમની આ સફળતા બદલ કોચ ગજાનંદ મિસ્ત્રી, એકેડેમીના સંચાલક કરસનભાઈ સોલંકી, દિનેશભાઈ બાબુભાઈ અને મેનેજર રણજીતભાઈ દાહિમાને અભિનંદન પાઠવ્યા હતા. થોડા



દિવસ પહેલા કમળા જેવા રોગમાં સપડાઈ જતા દીક્ષિકાબેનને ઉનાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ દિક્ષિકાબેને મહાકુંભમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને સફળતા મેળવી હતી.

# ધોરાજીના કોલેરાગ્રસ્ત વિસ્તારમાં સર્વે દરમિયાન આશા વર્કર બેભાન થયા

ધોરાજી,તા.૧૯

ધોરાજીમાં થોડાક દિવસોથી પાંચ પીર વાડી વિસ્તારમાં ઝાડા-ઉલટી અને કોલેરાનાં કેસોમાં વધારો જોવા મળ્યો છે. આરોગ્યની ટીમ સાથે ધોરાજીની આશા વર્કર બહેનોને પણ આ વિસ્તારમાં સર્વેની કામગીરી સોંપવામાં આવી છે. આ કામગીરી સમયે અસ્મિતાબેન ગાલોરિયા



નામના આશા વર્કર બહેન બેભાન થઈ જતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સારવાર અર્થે ધોરાજીની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. આ અંગે આશા વર્કર બહેનોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે નગરપાલિકા અને અન્ય કામગીરીમાં આશા વર્કર બહેનોનું શોષણ થઈ રહ્યું છે. કોલેરાગ્રસ્ત વિસ્તારમાં કામગીરી સમયે માસ્ક કે પીવાની પાણીની વ્યવસ્થા કરવામાં આવતી નથી અને જે વિસ્તારથી પરિચિત ન હોય એવા વિસ્તારમાં નિમણૂક કરવામાં આવે છે. નગરપાલિકા, ચૂંટણી, બીએલઓ સહિત તમામ ફરજો સોંપવામાં આવે છે અને સમયમર્યાદા વિના કામ કરવું પડે છે. જવાબદારી કે વેતન ફિક્સ નથી દર મહિને ૪૫૦૦ રૂપિયા મળે છે. રજિસ્ટર મેનેજ ન કર્યું હોય તો બે હજાર રૂપિયા કાપી લેવામાં આવે છે.

# ઉનાના શિક્ષિકા જ્યોત્સનાબેનને વર્લ્ડ વાઈડ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત

ઉના,તા.૧૯

ઉના તાલુકાના પી.એમ શ્રી ઉના કુમાર શાળા-૧માં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા જ્યોત્સનાબેન પટોળિયાને પ્લાસ્ટિકમુક્ત ઉના અને પ્લાસ્ટિકમુક્ત સ્કૂલમાં વિશેષ યોગદાન આપવા બદલ તા.૧૬/૧૧/૨૦૨૫ના રોજ ગાંધીનગર મુકામે વર્લ્ડ વાઈડ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર આપીને શિક્ષણ સચિવના હસ્તે



સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યોત્સનાબેનની આ સિદ્ધિને સમગ્ર ગીર સોમનાથની જનતાએ ખૂબ ખૂબ શુભેચ્છા આપીને બિરદાવી હતી.


-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૫/૨૦૨૫ તા. ૧૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. નીતિનભાઈ બચુભાઈ વાળા
રહે. બ્લોક નં.૧૭૯, ખોડીયારનગર, નેસડી રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી નીતિનભાઈ બચુભાઈ વાળાનો જન્મ તા.૨૭/૧૨/૧૯૮૨ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૧૦/૨૦૨૫ તા. ૧૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. મનસુખભાઈ બચુભાઈ વાળા
રહે. બ્લોક નં.૧૭૯, ખોડીયારનગર, નેસડી રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી મનસુખભાઈ બચુભાઈ વાળાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


# ગુજરાત રાજ્ય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં DLSS સોમનાથ એકેડેમી, કોડીનારના ખેલાડીઓએ ઝળહળતો દેખાવ કર્યો

કોડીનાર તા.૧૯

વલસાડ ખાતે યોજાયેલ ૬૯મી રાજ્ય કક્ષાની SGFI U-14/U-૧૭ કુસ્તી સ્પર્ધા (ભાઈઓ) માં DLSS સોમનાથ



એકેડેમી, કોડીનાર (ગીર સોમનાથ)ના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને સંસ્થા અને પરિવારનું ગૌરવ વધાર્યું હતું. ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં રમતવીરોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં DLSS સોમનાથ એકેડેમીના કુસ્તીબાજોએ મેડલ જીતીને પોતાની પ્રતિભા પુરવાર કરી હતી. અંડર-૧૭ ભાઈઓમાં બાંભણિયા પ્રિન્સે ૪૮ kg F/S અને મેઘનાથી દક્ષગીરીએ ૪૮ kg G/R માં ગોલ્ડ મેડલ જીત્યો જ્યારે અંડર-૧૭ ભાઈઓમાં ભરવાડ સંજયે ૭૧ kg G/R અને સોલંકી જીતેને ૮૦ kg G/R માં સિલ્વર મેડલ જીત્યો અને અંડર-૧૭ ભાઈઓમાં માહતો આદિત્યએ ૧૧૦ kg F/S બ્રોન્ઝ જીત્યો તો અંડર-૧૪ ભાઈઓમાં જીંજરિયા વિશાલે ૫૨ kg માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ સ્પર્ધામાં જે ખેલાડીઓએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે, તે તમામ ખેલાડીઓ આગામી સમયમાં આયોજિત થનારી રાષ્ટ્રીય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા જશે. આ સિદ્ધિ બદલ DLSS સોમનાથ એકેડેમીના પ્રમુખ કરસનભાઈ સોલંકી તથા સોમનાથ એકેડેમી શાળા પરિવારે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.


**CHANGE OF NAME**

I Undersing I JOSHI HIMANSHUBHAI MAHENDRABHAI have changed my name from JOSHI HIMANSHU MAHENDRAKUMAR To JOSHI HIMANSHUBHAI MAHENDRABHAI Now i will be known as JOSHI HIMANSHUBHAI MAHENDRABHAI
Sing : JOSHI HIMANSHUBHAI MAHENDRABHAI
Address : HANUMAN PARA ROAD, JALARAM NAGAR-2, AT - AMRELI, DIST – AMRELI-365601

# પશ્ચિમ બંગાળમાં ભાજપની યાત્રા વિવિધ ભાગોમાં પસાર થઈ કોલકાતામાં સમાપ્ત થશે

(એચ.એસ.એલ)નવીદિલ્હી,તા.૧૯

બિહારમાં ઐતિહાસિક જીત પછી, ભાજપ હવે પશ્ચિમ બંગાળની ચૂંટણીની તૈયારી અને રણનીતિ બનાવવામાં વ્યસ્ત છે. ભાજપ પશ્ચિમ બંગાળમાં યાત્રાની તૈયારી કરી રહ્યું છે. આ યાત્રા પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાંથી પસાર થશે અને કોલકાતામાં સમાપ્ત થશે. આ યાત્રાના રૂટ મેપ અંગે ચર્ચાઓ ચાલી રહી છે, જે આવતા વર્ષે શરૂ થશે. આ યાત્રા દ્વારા, ભાજપ બૂથથી લઈને જિલ્લા સ્તર સુધી ચૂંટણી માટે તેના સંગઠનને મજબૂત અને તૈયાર કરવાનો હેતુ ધરાવે છે, પરંતુ તેનો ગૌણ ઉદ્દેશ ભાજપ કાર્યકરોના મનમાંથી ટીએમસી હિંસાનો ભય દૂર કરવાનો છે.



ખરેખર, ભાજપના કાર્યકરો ફરિયાદ કરે છે કે ટીએમસી કાર્યકરો તેમને જનતા વચ્ચે કામ કરતા અટકાવે છે, હિંસા અને ધાકધમકીનો આશરો લે છે, અને સમર્થકોને પણ ધમકાવે છે. પક્ષ માને છે કે આ યાત્રાની તૈયારીઓ, બૂથ સ્તરના કાર્યકરો સાથે વાતચીત અને ત્યારબાદ વરિષ્ઠ નેતાઓની હાજરી કાર્યકરોના મનમાંથી ટીએમસીનો ભય દૂર કરશે. આ યાત્રા ભાજપના મતદારોમાંથી ડર દૂર કરવામાં પણ મદદ કરશે.

ભાજપે મમતા બેનર્જીના વંશીય રાજકારણ પર હુમલો કરવાની રણનીતિ પણ બનાવી છે. ભાજપના નેતાઓ દલીલ કરે છે કે બંગાળના લોકોને વંશીય રાજકારણ પસંદ નથી.

# આજે પટનાના ગાંધી મેદાનમાં નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ

(એચ.એસ.એલ),પટણા,તા.૧૯

બિહારમાં નવી સરકારની રચના માટેની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. અહેવાલો અનુસાર, નવી બિહાર સરકારનો શપથ ગ્રહણ સમારોહ ગુરુવારે સવારે ૧૧:૩૦ વાગ્યે પટનાના પ્રખ્યાત ગાંધી મેદાનમાં યોજાશે, જ્યાં નીતિશ કુમાર ૧૦મી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આ સમય દરમિયાન નવા મંત્રીમંડળના અન્ય મંત્રીઓ પણ શપથ લે તેવી અપેક્ષા છે. હવે, શપથ ગ્રહણ સમારોહ પહેલા, બિહાર સરકારમાં સંભવિત મંત્રીઓની યાદી જાહેર કરવામાં આવી છે.

મુખ્યમંત્રી નીતિશ કુમાર રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનને મળ્યા અને ૧૯ નવેમ્બરથી વિધાનસભા ભંગ કરવાની ભલામણ કરી. નીતિશ બુધવારે ફરીથી રાજ્યપાલને મળ્યા અને અન્ય તમામ સાથી પક્ષોના સમર્થન પત્રો સાથે રાજીનામું સુપરત કર્યું

**ભાજપ-જેડીયુના ક્વોટામાંથી સંભવિત મંત્રીઓ**

સમ્રાટ ચૌધરી (કુશવાહા),વિજય કુમાર સિંહા (ભૂમિહાર),મંગલ પાંડે (બ્રાહ્મણ),નીતિશ મિશ્રા (બ્રાહ્મણ),નીતિન નવીન (કાયસ્થ),રેણુ દેવી (અત્યંત પછાત વર્ગ),નીરજ કુમાર બબલુ (રાજપૂત),સંજય સરાવગી (વૈશ્ય),હરિ સાહની (અત્યંત પછાત વર્ગ),રજનીશ કુમાર (ભૂમિહાર), જદયુ ક્વોટામાંથી સંભવિત મંત્રીઓ વિજય કુમાર ચૌધરી (ભૂમિહાર),વિજેન્દ્ર યાદવ (યાદવ),શ્રવણ કુમાર (કુર્મી),અશોક ચૌધરી (દલિત-પાસી),રત્નેશ સદા (દલિત-મુશર),સુનિલ કુમાર (દલિત-રવિદાસ),શ્યામ રજક (દલિત-ધોબી),જામા ખાન (મુસ્લિમ),લેસી સિંહ (રાજપૂત),દામોદર રાવત (અત્યંત પછાત વર્ગ) પછાત) એલજેપી આર તરફથી, રાજુ તિવારી (બ્રાહ્મણ), હિન્દુસ્તાની આવામી મોરચા તરફથી સંતોષ કુમાર સુમન આરએલએમ તરફથી સ્નેહલતા કુશવાહા (કુશવાહા)

# આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદે ભારત વિરુદ્ધ આત્મઘાતી ટુકડી તૈયાર કરી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૯

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં તાજેતરમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટની તપાસ ચાલી રહી છે. આ ઘટના બાદ મોટી સંખ્યામાં શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે. સૂત્રોએ હવે અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ ભારત વિરુદ્ધ આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યું છે. આ હેતુ માટે ભંડોળ પણ એકત્ર કરવામાં આવી રહ્યું છે. અહેવાલો અનુસાર, ડિજિટલ હવાલા દ્વારા ભંડોળનો ખુલાસો થયો છે. દિલ્હી લાલ કિલ્લા વિસ્ફોટ કેસની તપાસ કરતી એજન્સીઓએ મહત્વપૂર્ણ સંકેતો શોધી કાઢ્યા છે. સૂત્રો સૂચવે છે કે જૈશ-એ-મોહમ્મદ ભારત વિરુદ્ધ આત્મઘાતી ટુકડી તૈયાર કરવા માટે ઝડપથી ભંડોળ એકત્ર કરી રહ્યું છે. તપાસ દરમિયાન, એજન્સીઓએ ડિજિટલ હવાલા સંબંધિત પુરાવા મેળવ્યા છે. મૌલાના મસૂદ અઝહર આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો વડા છે.

# એનડીએ સરકારના માળખા અંગે ચર્ચા કરવા જદયુ નેતાઓ દિલ્હી પહોંચ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૯

બિહારમાં નવી સરકારની રચના પહેલા, NDA વિધાનસભા પક્ષ બુધવારે પટનામાં મળી. ત્યાં મુખ્યમંત્રીની જાહેરાત કરવામાં આવી. નીતિશ કુમાર ૨૦ નવેમ્બરે ફરીથી મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ભાજપ વિધાનસભા પક્ષની બેઠક પણ બુધવારે યોજાઈ. આ માટે, ભાજપ સંસદીય બોર્ડે યુપીના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિને સહ-નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

એનડીએ સરકારના માળખા અંગે ચર્ચા કરવા જદયુ નેતાઓ દિલ્હી પહોંચ્યા હતા. જદયુ



નેતાઓ સંજય ઝા અને લલન સિંહ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને તેમના નિવાસસ્થાને મળ્યા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા પણ હાજર હતા. આ બેઠક લગભગ ત્રણ કલાક ચાલી. આ બેઠકમાં બિહારમાં સરકાર બનાવવા માટેની એનડીએની તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીમંડળની રચના અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે વિધાનસભા અધ્યક્ષ પદ અને ગૃહ વિભાગ પર સર્વસંમતિ સાધવાનો આ બેઠકનો હેતુ હતો.

# જાવેદ અહેમદ સિદ્દીકીને ૧૩ દિવસની ઈડી કસ્ટડીમાં મોકલતી સેશન્સ કોર્ટ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૯

દિલ્હીની એક ખાસ કોર્ટે અલ-ફલાહ ગ્રુપના ચેરમેન જાવેદ અહેમદ સિદ્દીકીને ૧૩ દિવસના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) કસ્ટડીમાં મોકલ્યા છે. એડિશનલ સેશન્સ જજ શીતલ ચૌધરી પ્રધાને મધ્યરાત્રિ પછી તેમના ચેમ્બરમાં સુનાવણી બાદ આ આદેશ આપ્યો. અલ ફલાહ યુનિવર્સિટીના સ્થાપકને રાત્રે ૧૧:૦૦ વાગ્યે સાકેત કોર્ટના એડિશનલ સેશન્સ જજ શીતલ ચૌધરી પ્રધાન સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. રિમાન્ડ ઓર્ડરમાં, કોર્ટે જણાવ્યું હતું કે સિદ્દીકી પર મોટા પાયે છેતરપિંડી, ખોટા માન્યતા દાવા અને અલ-ફલાહ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત ભંડોળના ટ્રાન્સફર સંબંધિત મની લોન્ડરિંગનો આરોપ લગાવવા માટે પૂરતા કારણો છે. ઈડીએ ૧૮ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ પીએમએલએની કલમ ૧૯ હેઠળ સિદ્દીકીની ધરપકડ કરી હતી.

# ભારતમાં ઘુસેલા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ હવે પોતાના દેશમાં પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યાં છે : બીએસએફ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૯

ભારતની સરહદોની રક્ષા માટે જવાબદાર બોર્ડર સિક્યુરિટી ફોર્સે કહ્યું છે કે તાજેતરના અઠવાડિયામાં દક્ષિણ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પાર કરવાનો પ્રયાસ કરતા ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે. બીએસએફના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ, આ વધારો મતદારયાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અભિયાન સાથે જોડાયેલો હોય તેવું લાગે છે.

બીએસએફ અધિકારીઓના જણાવ્યા મુજબ, ઉત્તર ૨૪ પરગણા અને માલદા જિલ્લાના વાડ વગરના વિસ્તારોમાંથી પોતાના દેશમાં પાછા ફરવાનો પ્રયાસ કરી રહેલા બિનદસ્તાવેજીકૃત બાંગ્લાદેશી



નાગરિકોની સંખ્યામાં છેલ્લા બે વર્ષની સરખામણીમાં અનેકગણો વધારો થયો છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે અગાઉ, આવા કેસોની દૈનિક સંખ્યા ભાગ્યે જ બે આંકડા સુધી પહોંચતી હતી. જો કે, હવે દૈનિક આંકડા સતત ત્રણ આંકડામાં છે. તેમણે કહ્યું કે જ્યારે કેટલાક અહેવાલો દરરોજ આવા ૫૦૦ કેસ સૂચવે છે, ત્યારે વાસ્તવિક સંખ્યા થોડી ઓછી છે, લગભગ ૧૦૦, ૧૫૦. તેમણે કહ્યું, "એવું માની શકાય છે કે આ સંખ્યા ત્રણ આંકડામાં છે."

# બેંગ્લુરૂમાં ઠંડીથી બચવા માટે સગડી સળગાવ્યા બાદ ગુંગળામણના કારણે ત્રણ યુવાનના કરૂણ મોત

બેંગ્લુરૂ,તા.૧૯

ના બેલાગવી જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના બની છે. રાત્રે અમન નગરમાં એક ચોંકાવનારી ઘટનામાં ત્રણ યુવાનોના મોત થયા છે, જ્યારે એક હજુ પણ ગંભીર સ્થિતિમાં છે. અહેવાલો અનુસાર, ઠંડીથી બચવા માટે, યુવાનોએ સગડી સળગાવી અને પોતાનો રૂમ બંધ કરી દીધો. પરિણામે, સૂતી વખતે કાર્બન મોનોક્સાઇડ શ્વાસમાં ગયો, જેના કારણે ત્રણ યુવાનોના મોત થયા, જ્યારે એકની હાલત ગંભીર છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ચારેય યુવાનો લગ્નમાં હાજરી આપ્યા પછી મોડી રાત્રે ઘરે પાછા ફર્યા અને ઓછા અથવા બિલકુલ વેન્ટિલેશન વગરના રૂમમાં સૂવા ગયા. ઠંડી રાતને કારણે, તેઓએ આખી રાત પરંપરાગત કોલસાનો ચૂલો



સળગાવ્યો. વેન્ટિલેશનના અભાવે રૂમમાં કાર્બન મોનોક્સાઇડનું સ્તર ઘાતક સ્તરે પહોંચી ગયું. મંગળવારે સાંજે આ ઘટના પ્રકાશમાં આવી જ્યારે પડોશીઓએ યુવાનોને વારંવાર ફોન કર્યા અને કોઈ જવાબ ન મળતાં દરવાજો તોડી નાખ્યો. મૃતકોની ઓળખ રિહાન મેટ્ટે (૨૨), સરફરાઝ હરપ્પનહલ્લી (૨૨) અને મોઈન નલબંદ (૨૩) તરીકે થઈ છે. બચી ગયેલો શાનવાઝ હાલમાં એક ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં છે.

# પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાનની બહેનો સાથે અદિયાલા જેલની બહાર દુર્વ્યવહાર કરવામાં આવ્યો

(એચ.એસ.એલ),ઈસ્લામાબાદ,તા.૧૯

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન અને પ્રખ્યાત ક્રિકેટર ઈમરાન ખાનની બહેન સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો છે. તેમને અદિયાલા જેલની બહાર હિંસક રીતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીએ આરોપ



લગાવ્યો છે કે પોલીસે રાવલપિંડીની અદિયાલા જેલની બહાર ઈમરાન ખાનની બહેનો સાથે દુર્વ્યવહાર કર્યો હતો. પાર્ટીનો આરોપ છે કે બહેનો જેલમાં ઈમરાન ખાનને મળવા ગઈ હતી પરંતુ તેમને પ્રવેશ ન આપવામાં આવ્યો અને હિંસક રીતે અટકાયતમાં લેવામાં આવ્યા. પાકિસ્તાની ન્યૂઝ વેબસાઈટ ડોન અહેવાલ આપે છે કે તેમને પાર્ટીના સ્થાપક સાથેની તેમની સાપ્તાહિક મુલાકાતનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

# ઉનાના કેસરીયા ગામ નજીક અકસ્માતમાં બે સગા ભાઈઓ સહિત ૩ના મોત : ૧ ગંભીર

ઉના, તા.૧૯

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના કેસરીયા ગામ નજીક ગત રાત્રે એક હૃદયદ્રાવક હિટ એન્ડ રનની ઘટના બની છે. દીવ તરફ પૂરપાટ વેગે જઈ રહેલી એક બોલેરો જીપે બે બાઈકને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ કરુણ દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. મૃતકો વાડીએ જઈ રહ્યા હતા ત્યારે કાળ બનીને આવેલી બોલેરોએ તેમને ટક્કર મારી હતી. મૃતકોમાં કેસરીયાના બે સગા ભાઈઓ હિતેશ શિંગડ (૨૦) અને પરિમલ શિંગડ (૧૧) તથા નાથડ ગામના ભીખાભાઈ દમણિયા (૩૫) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૧૭ વર્ષીય કલુબેન શિંગડ ગંભીર રીતે ઘાયલ થતાં તેમને સારવાર માટે ખસેડાયા છે. એકસાથે ત્રણ લોકોના મોત અને માસૂમ બાળકોને ગુમાવવાથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે.

# ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલને અમેરિકાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૯

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અનમોલ બિશ્નોઈને અમેરિકાથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો છે. એનઆઈએએ તેની ધરપકડ કરી છે. એનઆઈએ સૂત્રોના જણાવ્યા અનુસાર, અનમોલ બિશ્નોઈ દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટ પર ઉતર્યો હતો અને



હવે વિવિધ કેસોમાં એજન્સીઓ તેની પૂછપરછ કરશે. ગેંગસ્ટર અનમોલ બિશ્નોઈ સામે ભારતમાં અનેક કેસ નોંધાયેલા છે. કેન્દ્ર સરકાર નક્કી કરશે કે તેને પહેલા કઈ એજન્સીમાં પૂછપરછ માટે મોકલવો જોઈએ. અનમોલ બિશ્નોઈ સાથે સંકળાયેલા ત્રણ સૌથી મહત્વપૂર્ણ કેસોમાં મૂસેવાલા હત્યા કેસ, બાબા સિદ્દીકી હત્યા કેસ અને સલમાન ખાનના ઘરે ગોળીબારનો સમાવેશ થાય છે.

# ભારતમાં થયેલા આતંકવાદી હુમલાઓમાં પાકિસ્તાન સમર્થિત સંગઠનોની ભૂમિકા : ચૌધરી અનવરુલ હક

(એચ.એસ.એલ),ઈસ્લામાબાદ,તા.૧૯

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના પ્રમુખ અને વરિષ્ઠ નેતા, ચૌધરી અનવરુલ હકે, ભારતમાં આતંકવાદી હુમલાઓમાં પાકિસ્તાન સમર્થિત સંગઠનોની ભૂમિકાનો ખુલ્લેઆમ સ્વીકાર કરીને એક મોટું રાજકીય તોફાન ઉભું કર્યું છે. તેમણે કહ્યું કે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટથી લઈને જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા હુમલા સુધી, ભારતને નિશાન



બનાવવું એ પાકિસ્તાન દ્વારા બદલો લેવાનું કૃત્ય હતું. વાયરલ વીડિયોમાં, હકે દાવો કર્યો હતો કે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી મોડ્યુલે ૧૦ નવેમ્બરના રોજ લાલ કિલ્લા પાસે કાર બોમ્બ વિસ્ફોટ કર્યો હતો, જેમાં ૧૪ લોકો માર્યા ગયા હતા. હુમલાનો માસ્ટરમાઈન્ડ, ઉમર ઉન નબી, જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા વ્હાઈટ-કોલર નેટવર્કનો ભાગ હોવાનું કહેવાય છે અને તેને ફરીદાબાદમાં ધરપકડ કરવામાં આવી હતી. હકે એપ્રિલમાં પહેલગામની બૈસરન ખીણમાં થયેલા હુમલાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. તેમણે કહ્યું કે બલુચિસ્તાનમાં ભારતના કથિત દખલગીરીના બદલામાં પાકિસ્તાન ભારતીય શહેરોમાં હુમલા કરી રહ્યું છે. લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટને ફરીદાબાદમાં કાર્યરત જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા મોડ્યુલ સાથે જોડવામાં આવ્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે ઉમર ઉન નબી ઘણા ડોકટરોના નેટવર્કનો ભાગ હતો જેઓ રસાયણો અને વિસ્ફોટકો મેળવવા માટે તેમના તબીબી પ્રમાણપત્રોનો ઉપયોગ કરી રહ્યા હતા.

# ઈઝરાયલી હવાઈ હુમલામાં પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિરના ૧૩ લોકોના મોત, અનેક ઘાયલ

(એચ.એસ.એલ),એઈન અલ-હિલ્વે,તા.૧૯

દેશના આરોગ્ય મંત્રાલયે પુષ્ટિ આપી કે દક્ષિણ લેબનોનમાં પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિર નજીક ઈઝરાયલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૩ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયલે દાવો કર્યો હતો કે લક્ષ્ય હમાસના સભ્યો હતા, જ્યારે હમાસે આ આરોપોને "જૂઠાણા અને બનાવટી" ગણાવીને ફગાવી દીધા હતા. ઈઝરાયલી સૈન્યએ કહ્યું કે તેણે ઈન અલ-હિલવેહ વિસ્તારમાં હમાસના "તાલીમ સંકુલ" ને નિશાન બનાવ્યું. તેમના મતે, આ સ્થળનો ઉપયોગ ઈઝરાયલ પર હુમલાઓની યોજના બનાવવા અને અમલમાં મૂકવા માટે થઈ રહ્યો હતો. હમાસે જવાબ આપતા કહ્યું કે દાવો સંપૂર્ણપણે બનાવટી છે અને પેલેસ્ટિનિયન શિબિરોમાં તેમની કોઈ લશ્કરી જગ્યા નથી.

લેબનીઝ આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો કે મૃતકો ઉપરાંત ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે. સોશિયલ મીડિયા પરના



વીડિયોમાં એઈન અલ-હિલ્વે કેમ્પની સાંકડી શેરીઓમાંથી એમ્બ્યુલન્સ ઝડપથી દોડી રહી હતી, જેમાં આ વિસ્તારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા. અહેવાલો દર્શાવે છે કે હુમલો એક મસ્જિદની બહાર થયો હતો, જ્યાં સામાન્ય રીતે રાત્રે ભીડ હોય છે.

હમાસે હુમલાની નિંદા કરતા કહ્યું કે ઈઝરાયલી લક્ષ્ય ખરેખર એક ખુલ્લું રમતનું મેદાન હતું, લશ્કરી જગ્યા નહીં. આઈડીએફએ કહ્યું કે તેણે હુમલા પહેલા નાગરિક જાનહાનિ અટકાવવા માટે "ચોકસાઈવાળા શસ્ત્રો, હવાઈ દેખરેખ અને વધારાની ગુપ્ત માહિતી"નો ઉપયોગ કર્યો હતો.

# રાજ્યમાં પહેલીવાર ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની નીચે આવતા લોકો ધ્રુજી ઉઠ્યા

અમદાવાદ,તા.૧૯



ઉત્તર ભારતમાં બરફવર્ષાને કારણે દેશભરમાં ઠંડી વધી રહી છે, અને તેની અસર ગુજરાતમાં પણ જોવા મળી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ઘણા વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થયો છે. દાહોદમાં લઘુત્તમ તાપમાન એક અંકમાં પહોંચી ગયું છે. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૦.૫ ડિગ્રીએ પહોંચતાં લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વધુમાં, અમદાવાદનું તાપમાન આ સિઝનમાં પહેલીવાર ૧૩.૬ ડિગ્રીએ પહોંચ્યું હતું, જેના કારણે સવારે ઠંડીનો અહેસાસ થયો હતો. દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી છે. ગુજરાતના પડોશી રાજ્યો, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં શીત લહેરની ચેતવણી જારી કરવામાં આવી છે. તેથી, આગામી દિવસો માટે હવામાનની આગાહી તપાસવી મહત્વપૂર્ણ છે. હવામાન વિભાગ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને દીવ, દમણ અને દાદરા નગર હવેલી સહિત ગુજરાતમાં હવામાન શુષ્ક રહ્યું છે. વધુમાં, આગામી ૨૪ કલાકમાં ગુજરાતમાં શુષ્ક હવામાનની આગાહી છે. હાલમાં, ગુજરાતમાં ઉત્તર-પૂર્વથી પૂર્વ તરફ પવનો ફૂંકાઈ રહ્યા છે.

# રાજકોટના ખેતલાઆપા મંદિરમાંથી બાવન જેટલા જીવિત સાપ મળી આવતા મહંત સામે વન વિભાગની કાર્યવાહી

રાજકોટ,તા.૧૯



રાજકોટ શહેરના ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલા ખેતલા આપા મંદિરમાંથી વન વિભાગની ટીમે ૫૨ જીવતા સાપ મેળવ્યા છે, જ્યારે મંદિરના મહંત મનુ મણીરામ દુધરેજીયાની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે વન વિભાગે જણાવ્યું કે મંદિરમાં કુલ ૧૦૦થી વધુ સાપ ગેરકાયદેસર રીતે રાખવામાં આવ્યા હતા, જેને નાગદેવતાના દર્શન તરીકે શ્રદ્ધાળુઓને બતાવવામાં આવતા હતા. મંદિરના મહંત દ્વારા સોશિયલ મીડિયા પર અપલોડ કરાયેલા અનેક વીડિયોમાં તેઓ સાપને હાથમાં લઈને શ્રદ્ધાળુઓને આશીર્વાદ આપતા અને ''આ સ્થળ નાગરાજાનું ઘર છે'' તેવો પ્રચાર કરતા જોવા મળતા હતા. આ વીડિયો વાયરલ થતાં વન વિભાગને બાતમી મળી અને તુર્ત જ દરોડો પાડવામાં આવ્યો.

દરોડા દરમિયાન મંદિરના વિવિધ ભાગોમાંથી ઝેરી તેમજ બિનઝેરી પ્રજાતિના ૫૨ જીવતા સાપ મળી આવ્યા હતા. વધુ તપાસમાં ખુલ્યું કે અહીં કુલ ૧૦૦થી વધુ સાપ રાખવામાં આવ્યા હતા, જેમાંથી કેટલાક મૃત હાલતમાં પણ મળી આવ્યા છે. ''સાપ જંગલી પ્રાણીઓની શ્રેણીમાં આવે છે અને તેને કેદમાં રાખવા કે પ્રદર્શન માટે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ-૧૯૭૨ હેઠળ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તથા મુખ્ય વન્યપ્રાણી સંરક્ષક પાસેથી પરવાનગી લેવી ફરજિયાત છે.

અહીં એકપણ પરવાનગી નહોતી એટલે ''મહંત વિરુદ્ધ વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટની કલમ ૯, ૩૯, ૫૦ અને ૫૧ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

## ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ સહિત અન્યો સામે કેસની ટ્રાયલ ૨૧મી નવેમ્બરથી શરૂ થશે

અમદાવાદ,તા.૧૯

વર્ષ ૨૦૧૫ના પાટીદાર અનામત આંદોલન સંબંધિત નિકોલ પોલીસ મથકે નોંધાયેલા કેસમાં, વર્તમાનમાં વિરમગામના ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અને આંદોલનના નેતા હાર્દિક ભરતભાઈ પટેલ સહિત અન્યો સામે અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટે તહોમતનામું ફરમાવ્યું છે. કોર્ટના આ નિર્ણય બાદ હવે હાર્દિક પટેલ સામે કેસની ટ્રાયલની કાર્યવાહી ૨૧મી નવેમ્બરથી શરૂ થશે, જેમાં સાક્ષીઓની જુબાની નોંધવામાં આવશે. આ કેસમાં હાર્દિક પટેલ અને અન્ય આરોપીઓ સામે ગેરકાયદે મંડળી રચવા, રાયોટિંગ (તોફાન), સરકારી કર્મચારી પર હુમલો, કાયદેસરના હુકમનો ભંગ, ધમકી આપવા અને અન્ય વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં અગાઉ હાર્દિક પટેલ અમુક મુદત સુધી કોર્ટમાં હાજર ન રહેતા તેમની સામે ધરપકડ વોરંટ પણ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે, પાછળથી આ વોરંટ ગુજરાત હાઈકોર્ટમાંથી રદ કરાવવામાં આવ્યું હતું.

# સુરતના લાજપોર જેલનો જેલર હોવાનું જણાવી લોકોને ખંખેરતો શખ્સ ઝડપાયો

અમદાવાદ,તા.૧૯



અમદાવાદ ઝોન-૨ એલસીબીએ એક એવા શાતિર આરોપીને ઝડપી પાડ્યો છે જે ટીવી ન્યૂઝ ચેનલોમાં આવતા સમાચાર જોઈને ગુનાહિત ઘટનાઓની માહિતી એકઠી કરતો અને પછી પોતાની જાતને જેલર ગણાવીને જેલમાં બંધ આરોપીઓના પરિવારજનો પાસેથી લાખો રૂપિયા પડાવતો હતો. થોડા દિવસ પહેલા સોશિયલ મીડિયા પર એક ઓડિયો ક્લિપ ઝડપથી વાયરલ થઈ હતી. જેમાં એક વ્યક્તિ સુરતના અડાજણ વિસ્તારમાં બ્લેકમેલિંગના ગુનામાં ઝડપાયેલા આરોપીની પત્નીને ફોન કરીને કહે છે કે,''હું લાજપોર જેલનો જેલર બોલું છું. તમારા પતિને સારી સગવડો આપવા માટે ૧૫,૦૦૦ જમા કરાવો, નહીં તો જેલમાં માર પડશે.''આ ઓડિયો વાયરલ થતાં જ સુરતના સચિન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. એલસીબીમાં ચાલતી તપાસ દરમિયાન બાતમી મળી હતી કે આ જ પ્રકારની ઠગાઈ કરનાર વ્યક્તિ ઈસનપુર વિસ્તારમાં રહે છે. ટીમે ઝડપી કાર્યવાહી કરીને આરોપી રાજેશની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી ૬ કી-પેડ મોબાઈલ ફોન, ૨ એટીએમ કાર્ડ, બેંક પાસબુક અને અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતા. રાજેશ ત્રિવેદી ન્યૂઝ ચેનલોમાં આવતા ગુનાહિત સમાચાર ઝીણવટથી જોતો હતો.

## ભારતીય વાયુસેનાની વિખ્યાત સૂર્યકિરણ ટીમ રાજકોટમાં એર શો સાથે કરતબો રજૂ કરશે

રાજકોટ, તા.૧૯

વર્ષના અંતમાં રાજકોટવાસીઓને એક અવિસ્મરણીય ભેટ મળવા જઈ રહી છે. આવતીકાલે નહીં, પરંતુ ૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રાજકોટના આકાશમાં ભારતીય વાયુસેનાની વિશ્વવિખ્યાત 'સૂર્યકિરણ ટીમ' દિલધડક સ્ટંટ અને અવનવા કરતબો રજૂ કરશે. નવ બીએઈ હોક વિમાનોની ચોકસાઈ, ઝડપ અને સૌંદર્યનો અદ્ભુત સંગમ જોવા લાખો લોકો ઉમટી પડે તેવી શક્યતા છે. ૧૯૯૬માં સ્થપાયેલી સૂર્યકિરણ એરોબેટિક ટીમ ભારતીય વાયુસેનાના ૫૨મા સ્ક્વોડ્રનનું ગર્વ છે. શરૂઆતમાં એચએએલના એચજેટી-૧૬ કિરણ એમકે-૨ વિમાનો સાથે શરૂ થયેલી આ ટીમે ૨૦૧૫થી અત્યાધુનિક એમકે-૧૩૨ એડવાન્સ્ડ જેટ ટ્રેનરનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. આજે સૂર્યકિરણ વિશ્વની એકમાત્ર એવી ૯-એરક્રાફ્ટ એરોબેટિક ટીમ છે જેમાં પોતાના તમામ પાઈલટ્સ ક્વોલિફાઈડ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર્સ હોય છે.

# અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત સાસણ ગીરમાં એશિયાઈ સિંહો જોઈ અભિભૂત થઈ

જૂનાગઢ,તા.૧૯



બોલિવૂડ એક્ટ્રેસ અને ભારતીય જનતા પાર્ટીના સાંસદ કંગના રનૌતે મંગળવારે તેમના ભાણેજ પૃથ્વી સાથે સાસણ ગીર નેચર સફારી પાર્કની મુલાકાત લીધી હતી. વહેલી સવારે ગુજરાતના એશિયાટિક સિંહોના દર્શન કરીને કંગના રનૌત ગીરની ભવ્યતા અને પ્રકૃતિથી અત્યંત પ્રભાવિત થઈ હતી. વહેલી સવારે ૬:૧૫ વાગ્યાની આસપાસ કંગના રનૌતે તેમના ભાણિયા સાથે સફારી પાર્કમાં પ્રવેશ કર્યો હતો. એક્ટ્રેસે ખુલ્લી જીપ્સીમાં આશરે બે કલાકનો સમય જંગલ સફારીમાં વિતાવ્યો હતો અને રોમાંચક અનુભવ મેળવ્યો હતો.

સફારી દરમિયાન કંગના રનૌતે તેમના ભાણેજ સાથે બે નર સિંહ અને એક માદા સિંહના દર્શન કર્યા હતા. ગીરના જંગલમાં મુક્તપણે વિહરતા સિંહોને જોઈને કંગના ખૂબ જ ખુશ થઈ હતી અને ગુજરાતનું ગૌરવ એવા આ શક્તિશાળી પ્રાણીઓના ભરપૂર વખાણ કર્યા હતા. કંગના રનૌતે પોતાનો અનુભવ ઈન્સ્ટાગ્રામ પર શેર કરતા જણાવ્યું હતું કે, ''ગુજરાત ખૂબ જ અદ્ભુત છે.

# વડોદરા મનપામાં ૩.૮૧ કરોડના ફાયર સામાનના કૌભાંડનો મોટો પર્દાફાશ, ૪ અધિકારી સસ્પેન્ડ

વડોદરા,તા.૧૯



ગુજરાતમાં દિવસે દિવસે વધુને વધુ કૌભાંડ સામે આવે છે. ત્યારે વડોદરા મહાનગરપાલિકામાં સીસોટી કૌભાંડ સામે આવ્યું હતું. જે અંગે તપાસનો ધમધમાટ શરુ છે. ફાયર વિભાગના સીસોટી કૌભાંડમાં ૪ અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ડેપ્યુટી કમિશનર અને ખાતા અધિકારીએ તપાસ હાથ ધરી હતી. ફાયર સાધનોની ખરીદી માટે ૫ અધિકારીઓની લીલીઝંડી હતી. ત્યારે હવાલાના સિટી ઈજનેર સહિત ૪ અધિકારીએ લીલીઝંડી આપી હતી. મુખ્ય ઈજનેર રજા પર હોવાથી હવાલાના સિટી ઈજનેરે મંજૂરી આપી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ૩.૯૦ કરોડના સાધનોની ખરીદીના અંદાજની મંજૂરી માટે ફાઈલ રજૂ કરવામાં આવી હતી. ફાઈલને લીલીઝંડી આપનારા અધિકારીઓ જવાબદારીમાંથી છટક્યા છે.


HONDA સ્ટાફ જોઈએ છે

The Power of dreams સપનાઓ થશે સાકાર...

(૧) વોશીંગ બોય.........................૦૩

(૨) હેલ્પર.........................૦૩

(૩) મિકેનિક.........................૦૩

રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો

સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦

પરીખ હોન્ડા

રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,

અમરેલી, Mo. 82005 00295, 8000230447

રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો


# નવસારી નજીક કાર અને બાઈક વચ્ચે ભયાનક અકસ્માતમાં પિતા-પુત્રનું ઘટનાસ્થળે કરૂણ મોત

નવસારી,તા.૧૯



નવસારી જિલ્લાના તવડીથી ભીનાર માર્ગ પર સ્થિત સાગરા ઓવરબ્રિજ પર આજે વહેલી સવારે ભયાનક અકસ્માત સર્જાયો હતો. ઓવરસ્પીડમાં દોડતી કાર અને સામેથી આવતી બાઈક વચ્ચે થયેલી જોરદાર અથડામણમાં બાઈક સવાર પિતા–પુત્રનું ઘટનાસ્થળે મોત થયું હતું. ઘટના બાદ વિસ્તારમાં ક્ષણોમાં જ ચકચાર મચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ કાર ચાલક મોબાઈલ ફોન પર વાત કરી રહ્યો હતો, જેના કારણે તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર સીધી સામેથી આવતી બાઈક પર ચઢી ગઈ હતી.

## સુરતમાં લવ જેહાદનો કિસ્સો : સગીરા ગર્ભવતી થતા ગર્ભપાત કરાવી વિધર્મીએ નિકાહ કર્યા

સુરત,તા.૧૯

સુરત જિલ્લાના એક ગામમાં 'લવ જેહાદ'નો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક વિધર્મી યુવકે નામ બદલી સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. આ મામલો હવે મહુવા પોલીસ મથક સુધી પહોંચ્યો છે, જ્યાં પોલીસે મુખ્ય આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, આ ઘટનાની શરૂઆત વર્ષ ૨૦૧૬ માં થઈ હતી. તે સમયે ધોરણ-૧૦માં અભ્યાસ કરતી એક સગીરા (ફરિયાદી) એક યુવકના સંપર્કમાં આવી હતી. યુવકે પોતે હિન્દુ હોવાનો ઢોંગ કરી, પોતાનું નામ 'જેનિસ' જણાવ્યું હતું. મિત્રતા થયા બાદ યુવકે સગીરાને પ્રપોઝ કરી, વિશ્વાસમાં લીધી હતી. આ વિશ્વાસનો ગેરલાભ લઈને આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. સગીરા ગર્ભવતી થતા ગર્ભપાત કરાવી વિધર્મીએ નિકાહ કર્યા હતા.








